Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાપરી ૪૬૧૩

શ્રી જૈન સત્ય પ્રકાશ



વર્ષ ૨૦ : અંક : ૫
ક્રમાંક : ૨૩૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

4670

विषय-दर्शन

અંક :	લેખ :	લેખક :	પૃષ્ઠ :
૧.	જ્યોતિ :	શ્રી. વસંતલાલ કાંતિલાલ	૭૫
૨.	વિજયનગરના નરેશ હરિહરના મંત્રી ઠાકરસી :	શ્રી. અગરચંદજી નાહટા	૭૬
૩.	શકે કેટલાં નાટક સર્જ્યાં સર્જાવ્યાં :	પ્રો૦ શ્રી. હીરાલાલ ૨. કાપડિયા :	૮૨
૪.	જાકોડા પાર્શ્વનાથ તીર્થ :	પૂ. મુ. શ્રી. વિશાળવિજયજી :	૮૭
૫.	કર્મમીમાંસા (લેખાંક : ૬)	શ્રી. ખુબચંદ કેશવલાલ :	૮૯
૬.	દક્ષિણમાં પણ જૈન ધર્મના ઊંડાં મૂળ :	શ્રી. મોહનલાલ દી. ચોકસી :	૯૩
૭.	મડ્ડાહડગચ્છકી પરંપરા :	શ્રી. અગરચંદજી, ભંવરલાલજી નાહટા :	૯૪
૮.	અહિંસા, માનવતા :	ટાઇટિલ પેજ ત્રીજું	
૯.	નવી મદદ	,, ,, બીજું	

નવી મદદ

૧૬૦) શ્રી જૈન સસ્તુસાહિત્ય ગ્રંથમાળા તરફથી : શેઠ બાબુભાઈ ચૂનીલાલ તેમજ શેઠ જેસિંગભાઈ કાળિદાસ હસ્તે : **અમદાવાદ.**

૨૭) શ્રી. કીકાભટની પોળનો જૈન ઉપાશ્રય : હસ્તે શેઠ વીરચંદ મૂલચંદ. **અમદાવાદ.**

૫) પૂ. પં. શ્રી. સુમતિવિજયજી મ.ના સદુપદેશથી સંઘવી અમૃતલાલ છગનલાલ. **મોટી વાવડી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक
मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र
जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)
तंत्री : चीमनलाल गोकळदास शाह

वर्ष : २०	विक्रम सं. २०११ : वीर नि. सं. २४८० : ई. स. १९५५	क्रमांक
अंक : ५	महा वदि ८ मंगळवार : १५ फेब्रुआरी	२३३

જ્યોતિ

શ્રીયુત વંસતલાલ કાંતિલાલ બી. એ.

અત્યારે આપણને સૌથી જરૂર જ્યોતિની છે. આપણી ચારે બાજુ દુઃખ દર્દને દીનતાની ઘોર અંધારી રાત છવાઈ ગઈ છે. ભ્રમ ને ભૂલોની ગીચ ઝાડીમાં આપણે ખોવાઈ ગયા છીએ. નિરાશા ને નિષ્ફળતાનો મહાવાયુ ફુંકાઈ રહ્યો છે. આપણી વિચારરૂપી આંખનું તેજ હણાઈ ગયું છે. અત્યારે આપણી આ સ્થિતિ છે. ઘોર અંધારી રાતે, ગીચ ઝાડીમાં ભૂલા પડેલા, મહા તોફાનમાં ઘૂજતા ને નબળી આંખવાળાને સૌથી વધુ જરૂર પ્રકાશની છે– મૈત્રી ને પ્રેમની જ્યોતિની છે. વ્યક્તિની જેમ વિશ્વને પણ સૌથી વધુ જરૂર આ જ્યોતિની છે.

દુનિયા આજે બાહ્ય શક્તિ અને આંતર શક્તિના ઘર્ષણમાં પીડાઈ રહી છે. બાહ્ય શક્તિ હમેશાં વિનાશક છે ને આંતરશક્તિ હમેશાં સર્જનાત્મક છે. બાહ્યશક્તિ પાસેથી સુખની ઇચ્છા રાખવી તે સર્પની ઝેરી કોથળીમાં અમૃત શોધવા જેવું છે. બાહ્યશક્તિનું પ્રતીક અણુબોમ્બ છે અને આંતરશક્તિનું પ્રતીક આ જ્યોતિ છે. આજે તો બાહ્યશક્તિનું વર્ચસ્વ જામ્યું છે. તે વર્ચસ્વ કેટલી હદે પહોંચ્યું છે તે જણાવવા એક દૃષ્ટાંત અમેરિકન મેગેઝીનમાં આવેલું તે આ પ્રમાણે છે:

અમેરિકામાં ઊંચામાં ઊંચું મકાન અમ્પાયર સ્ટેટ બિલ્ડીંગ છે જે ચૌદસો ફીટ ઊંચું છે. તેના પછી ઊંચાઈમાં ક્રાઈસ્લર બિલ્ડીંગ આવે છે જે અગિયારસો ફીટ ઊંચું છે ને ત્રીજે નંબરે સ્ટેટ્યુ ઓફ લિબર્ટી આવે છે જે નવસો ફીટ ઊંચું છે. આ એમ્પાયર સ્ટેટ બિલ્ડીંગ, ક્રાઈસ્લર બિલ્ડીંગ અને સ્ટેટ્યુ ઓફ લિબર્ટીને એક બીજા પર ઊભાં કરવામાં આવે તો જે ઊંચાઈ થાય તેટલી ઊંચાઈના મકાનમાં દુનિયાની બે અબજની વસ્તી સમાઈ શકે–જો તે બે અબજને એક બીજા પર ગીચોગીચ ઠાંસી ઠાંસીને ખડકવામાં આવે તો અને તે મકાન પર જો એક જ અણુબોમ્બ ફોડવામાં આવે તો આખીયે દુનિયાની વસ્તી ક્ષણમાત્રમાં સિગરેટની રાખ જેવી રાખ થઈ જાય. બાહ્યશક્તિનું આજે આવું વર્ચસ્વ છે, આવી બાહ્યશક્તિનો નાશ આજે આંતરશક્તિ વડે જ થઈ શકે. અંગ્રેજીમાં કોઈ કે કહેલું કે આ આંતરશક્તિ તે મૈત્રી, પ્રેમ ને કરુણાની છે. આપણી જ્યોતિ આ આંતરશક્તિની પ્રતીક છે.

[જુઓ અનુસંધાન પૃષ્ઠ. ૮૧]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિજયનગરના નરેશ હરિહરના મંત્રી ઠાકરશી

લેખક :–શ્રીયુત અગરચંદજી નાહટા

દક્ષિણ ભારતનો જૈન ઇતિહાસ ઘણો ગૌરવશાળી છે. આચાર્ય ભદ્રબાહુથી આજ સુધી લગભગ ૨૩૦૦ વર્ષોથી અહીં જૈનધર્મનો પ્રચાર રહ્યો છે. મધ્યકાળના કેટલાયે રાજવંશો જૈનધર્મના અનુયાયી અને સમર્થક રહ્યા છે. સંસ્કૃત અને પ્રાકૃતભાષા ઉપરાંત અંતસ્થ લોકભાષા કાનડી અને તામિલમાં પણ જૈન વિદ્વાનો દ્વારા રચાયેલું સાહિત્ય ખૂબ વિશાળ અને મહત્ત્વપૂર્ણ છે. ઉત્કર્ષ પછી અપકર્ષ એ પ્રકૃતિનો સ્વાભાવિક નિયમ છે, એ મુજબ દક્ષિણમાં જૈનધર્મના ઉત્કર્ષ પછી લિંગાયત આદિ સંપ્રદાયોનું જ્યારે ત્યાં જોર વધ્યું ત્યારે જૈનો પર ઘણા અત્યાચારો થયા. હજારો જૈનોને મારી નાખવામાં આવ્યા. ઘણાએ તો ધર્મપરિવર્તન કરી લીધું અને જેઓ રહ્યા તે હતપ્રભાવ જેવા થઈ ગયા. પરિણામે દક્ષિણના મૂળ નિવાસી જૈનોમાં હવે એ તેજ અને પ્રભાવ દૃષ્ટિગોચર થતાં નથી. આર્થિક દૃષ્ટિએ પણ તેઓ સાધારણ જ છે.

દક્ષિણ ભારતમાં વિજયનગર સામ્રાજ્ય મધ્યકાળમાં ખૂબ સમૃદ્ધ અને પ્રતાપી હતું. તેના શાસકો શૈવ વગેરે હોવા છતાંયે ખૂબ ધર્મસહિષ્ણુ હતા. એ જ કારણે એમના સમયમાં પણ જૈનધર્મ ખૂબ ફાલ્યોફૂલ્યો. આ શાસકોએ જૈન મંદિરો વગેરેને પૂરતું દાન આપ્યું હતું. એમની રાણીઓમાંથી પણ એક જૈન હતી અને મંત્રીઓ પણ જૈન હતા. તેમના સમયમાં જૈન સાહિત્ય સારા પ્રમાણમાં રચાયું, જેનો ઉલ્લેખ પણ વસુદેવ ઉપાધ્યાય રચિત 'विजयनगर साम्राज्यका इतिहास'ના પૃષ્ઠ : ૧૩૬ માં આ પ્રકારે મળે છે :

"ધર્મપ્રચાર માટે જૈન કવિઓએ દેશી ભાષા કાનડીને અપનાવી. આ લોકોએ સંસ્કૃત છંદોનો સમાવેશ દેશી છંદોના સ્થાને કર્યો. પંપ, આહુબલી આદિ જૈન કવિઓને આ ભાષામાં અધિક સરળતા લાગતી હતી; તેથી જ તેમણે ધર્મનાથનું જીવન ચંપૂ શૈલીમાં લખ્યું. નેમિનાથનું ચરિત તો ઘણાઓએ લખ્યું છે. મધુર એક પ્રસિદ્ધ જૈન કવિ હતો, જે હરિહરના મંત્રીના દરબારમાં રહેતો હતો. વિજયનગરમાં રત્નાકર નામે સૌથી મોટો જૈન કવિ થઈ ગયો, તેણે દશહજાર છંદો કાનડી ભાષામાં લખ્યા. તેમાં આદિનાથના પુત્ર ભરતનું વર્ણન કરેલું છે. તેમજ સંસારની વાતોનું વર્ણન કરતાં વિશેષપણે યોગનું વિવરણ આપ્યું છે. જનતામાં જૈનધર્મ પર વિશ્વાસ ઉત્પન્ન કરવા માટે જાતજાતની કહાનીઓ લખવામાં આવી છે. સને ૧૪૨૪ લગભગમાં ભાસ્કરે 'જીવંધરચરિત્ર' નામે ગ્રંથ લખ્યો. કલ્યાણકીર્તિનું 'જ્ઞાનચંદ્રાભ્યુદયમુ' નામક પુસ્તક પ્રસિદ્ધ છે. વિદ્યાનંદ અને યશકીર્તિ આદિ જૈન પંડિતોએ કાનડી ભાષામાં અનેક ગ્રંથો ઉપર ટિપ્પણો લખ્યાં."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ જ ગ્રંથના પૃષ્ઠ: ૧૬૫ માં 'જૈન મત' શીર્ષક નીચે જે વક્તવ્ય લખ્યું છે તે પણ ઉપયોગી હોવાથી અહીં આપીએ છીએ:

" દક્ષિણ ભારતમાં ચંદ્રગુપ્ત મૌર્યના સમયે ભદ્રબાહુએ જૈનમતનો પ્રચાર કર્યો. જૈનધર્મના આચાર્ય આ મતને ફેલાવવા માટે સમયે સમયે પ્રયત્ન કરતા રહ્યા. જૈનધર્મનો પ્રચાર કર્ણાટકમાં વિશેષ થયો. કાનડી સાહિત્યની ઉન્નતિમાં જૈનોનો મુખ્ય હાથ હતો. તામિલ ભાષામાં પણ જૈનોના અનેક ગ્રંથો મળે છે. વિજયનગરના શાસકોએ આ મતનો કદી વિરોધ નથી કર્યો. લેખોમાં વર્ણન મળે છે કે, વિજયનગરની રાજસભામાં જૈનોની પૂર્ણ પ્રતિષ્ઠા હતી. તેમને ઊંચાં ઊંચાં પદ પણ મળતાં. બુક્કની સભામાં બઽચપ્પ નામક જૈન મંત્રી પણ હતો. મૈસૂરના શ્રવણબેલગોલાના લેખમાં તેનો ઉલ્લેખ મળે છે. હરિહર બીજાનો પ્રસિદ્ધ મંત્રી ઇરુગપ્પ પણ જૈન હતો. ઇરુગપ્પ ન્યાયકુશળ અને ચતુર પુરુષ હતો. તેણે नानार्थरत्नमाला નામક કોશની રચના કરી. એથીયે અધિક જૈનધર્મનું સમર્થન આ ઘટનાથી કરી શકાય કે સંગમના વંશજ દેવરાય પહેલાએ ભીમાદેવી નામક જૈન સ્ત્રી સાથે લગ્ન કર્યું. રાજાઓએ જૈન મંદિરોને દાન આપ્યાં. કાંચીની પાસે વિજયનગર રાજ્યમાં તેણે એક વિશાળ જૈન મંદિર બંધાવ્યું. એ 'તેલિગ-મંદિર' ના નામે ઓળખાતું. શ્રવણબેલગોલાના લેખથી પત્તો લાગે છે કે, એના બે પુત્રો વિજયનગર સેનામાં સેનાપતિના પદે હતા. ભૂપાલે જૈન મંદિર તૈયાર કરાવ્યું. વેણૂરમાં રહેલા જૈન સાધુ ભુજબલની વિશાળ મૂર્તિ આજ સુધી મૌજુદ છે. આ બધી વાતો સિદ્ધ કરે છે કે વૈષ્ણવ હોવા છતાંયે વિજયનગર નરેશોમાં ધાર્મિક સહિષ્ણુતાની ભાવના પ્રબલ હતી. બુક્કરાયે પણ જૈનો સાથે વૈષ્ણવોની માફક વ્યવહાર રાખ્યો હતો. તેમ જ આ ધર્મોના દ્વેષને પણ શાંત કર્યો હતો.

" મૈસૂર રાજ્યમાં જૈનમતનો ખૂબ પ્રચાર હતો. ત્યાં વૈષ્ણવ લોકો પણ પોતાના ધર્મનો પ્રચાર કરતા હતા. આથી સમયે સમયે તેઓમાં પરસ્પર ઝગડો થઈ જતો. બુક્કરાયના સમયે આ ઝગડાએ મોટું રૂપ લીધું. બધા જૈનોએ મળીને વૈષ્ણવો માટે રાજા પાસે ફરિયાદ કરી. જૈનોના કથન મુજબ વૈષ્ણવો દોષી હતા. રાજા બુક્કે નિષ્પક્ષપણે આ ઝગડાનો વિચાર કર્યો. એક સભા બોલાવવામાં આવી. આ સભામાં જૈનો અને વૈષ્ણવોના સમસ્ત પ્રતિનિધિઓ સંમિલિત હતા. આ પ્રતિનિધિઓ શ્રીરંગમ્ તેમજ કાંચીથી સભામાં ભાગ લેવા આવ્યા હતા. રાજાએ એ વિશે વિચાર કરીને એવી ઘોષણા કરી કે, જૈનો હમેશાંની માફક પોતાનાં ગીતવાદ્યો તેમજ કલશના અધિકારી રહેશે અને જો વૈષ્ણવો દ્વારા હાનિ પહોંચાડવામાં આવશે તો એ કાર્ય અત્યંત અનુચિત સમજવામાં આવશે. આ ઘોષણાનું હમેશાં પાલન કરવામાં આવ્યું. "

ઉપર્યુક્ત વિજયનગર સામ્રાજ્ય સાથે સંબંધ ધરાવતો એક જૈન ઐતિહાસિક રાસ પ્રાપ્ત થયો છે; જે અનુસાર જૂનાગઢના સોરઠિયા પોરવાડ ઠાકરસી શાહ વિજયનગર પહોંચ્યા અને ત્યાંના રાજા હરિયડ (હરિહર) ના મંત્રી બન્યા. તેમણે મંગલપુરના પંડીરાયનો ઉપદ્રવ શાંત કરવા માટે આક્રમણ પણ કર્યું હતું. આ રાસની પ્રતિલિપિ અમને જૈન સાહિત્યના મહારથી સ્વર્ગીય મોહનલાલ દલીચંદ દેસાઈના સંગ્રહમાંથી અપૂર્ણરૂપે મળી હતી; જે તેમણે સ્વયં નકલ કરેલી છે. આમાં ૧૬૨ મા પદ્યથી રાસ અધૂરો રહે છે. આથી આગળનું ઇતિવૃત્ત પ્રાપ્ત થતું નથી, ઐતિહાસિક દૃષ્ટિથી આ કૃતિ ઘણી મહત્ત્વપૂર્ણ હોવાથી એનો ઐતિહાસિક સાર અહીં પ્રગટ કરવામાં આવે છે. સર્વ પ્રથમ વસ્તુછંદમાં 'ન્યાન' કવિએ સરસ્વતી, આદિનાથ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાંતિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર જિનેશ્વરને નમસ્કાર કરીને દોહા–ચૌપાઈમાં ઠાકરસી શાહના રાસનો પ્રારંભ કર્યો છે:

સોરઠીય પ્રાગ્વાટ નામે નિર્મળ જ્ઞાતિ જૈન અને શિવ શાસનમાં પ્રૌઢ પુણ્ય કાર્યોથી પ્રસિદ્ધ છે. પુરાણોમાં આ જ્ઞાતિ કણ્વ ઋષિના હાથે સ્થાપિત થયાની કથા છે. અઢાર હજાર બ્રાહ્મણ અને છત્રીશ હજાર વણિકોનો ઉલ્લેખ અસ્પષ્ટ છે.

વિશ્વકર્માએ ચાણોતપા નગરી સમૃદ્ધ કરી અને પ્રથમ યુગમાં માંધાતા, કૃતયુગમાં કણ્વાલય, ત્રેતામાં કલ્મષનાથ, દ્વાપરમાં કંપિલપુર, કળિયુગમાં કંડૂલ — આ પ્રકારે ચારે યુગોમાં સ્થાનનાં ભિન્ન ભિન્ન નામ થયાં.

આ જ્ઞાતિના રતન શ્રેષ્ઠીએ રૈવતાચલનો ઉદ્ધાર કરી નેમિનાથ પ્રભુને સ્થાપન કર્યા હતા. પચાસ કરોડ સોનામહોરોનો વ્યય કરીને આચંદ્રાર્ક કીર્તિ વિસ્તારી હતી. જાવડ ભાવડે ૧૯ લાખ સોનામહોર ખરચીને શત્રુંજય પર આદિનાથ પ્રભુને સ્થાપન કર્યા હતા. એ જ સુકૃતકારી જાતિના ઠાકરસી શાહના ગુણગ્રામનું હવે વર્ણન કરવામાં આવે છે.

ભરતખંડમાં મહિમામય સોરઠ દેશ છે. અહીંના લોકો દયાળુ અને પંચરત્ન સહિત દારિદ્રય રહિત છે. અહીં પાંચ કૃષ્ણ અને ત્રણ નાથોનો નિવાસ છે. જ્યાંના મંડન નેમિકુમાર છે એવા ગિરનાર પર ગંગા જેવા પાણીવાળા ગજેન્દ્રકુંડ, સહસાવન, લાખાઆરામ, અંબિકા વિશ્રામ છે, જે અભિનવ કૈલાસ જેવા સુશોભિત છે. નિર્મળ નીરવાળી સરિતા સ્વર્ણરેખાના તટ પર જૂનાગઢ છે. અહીંનો રાજા ખેંગાર મોટો શરવીર અને પ્રતાપી હતો. એનો ઠાકરસી નામે પ્રધાન મંત્રી ઘણો ગંભીર અને બુદ્ધિશાળી હતો, જેનું મતિમેરહંર બિરૂદ હતું. રાજા પ્રધાનની સાથે એક વાર ચોપાટ–પાસા રમી રહ્યા હતા. હારેલા રુષ્ટ રાજાએ મંત્રીને દેસોટા (દેશવટો) આપી દીધો. રાજાઓનો શો વિશ્વાસ ? સો વર્ષની પ્રીતિ એક ક્ષણમાં તોડતાં અચકાય નહિ. અમાત્ય ઠાકરશી પોતાના સમસ્ત પરિવારને લઈ સમુદ્રતટ ઉપર આવ્યા. જહાજમાં માલ ભરવામાં આવતો હતો. મંત્રી પણ પોતાના સમુદાય સાથે જહાજમાં બેઠા અને દશ દિવસમાં મલબાર આવીને ઊતર્યા. જ્યાં પદે પદે વાવો, કૂવા, તળાવો, અને દાનશાળાઓ છે. ઇલાયચી, સોપારી, નારિયેળ, કેરી, દ્રાક્ષ, કેળાં વગેરે વૃક્ષો તેમજ ઔષધિઓ વગેરે વનસ્પતિઓની અહીં બહુલતા છે. મલબારની ચતુર સુંદર સ્ત્રીઓ જાતજાતનાં વસ્ત્રાલંકારોને ધારણ કરી ચંદનનું વિલેપન કરે છે. અહીં જૈન અને શૈવ લોકોનો નિવાસ છે. મંદિરો પર સ્વર્ણકળશ, ધજાઓ અને ઘંટના શબ્દો તેમજ વેદપાઠીઓનો ધ્વનિ ગુંજારવ કરે છે. એની પાસે જ દક્ષિણ દેશનું વિજયનગર છે. હવે વિજયનગરનો મહિમા સાંભળો :

આ પ્રૌઢ નગરીના અભેદ્ય પ્રાકારો અને ઊંચાં ધવલગૃહો છે. બ્રહ્મપુરી, સંન્યાસીમઠ, દિગંબર જૈન મંદિર તથા ઔષધિશાળાઓ પણ છે. રાતદહાડો વિદ્યાધ્યયન અને સ્થાને સ્થાને વ્યાસો કથા કહે છે. ટૂંકભદ્રા (તુંગભદ્રા) નદીનાં નિર્મળ નીર નગરીની નીચેથી પ્રવાહિત થાય છે. અહીંનો રાજા હરિયડ મોટો શરવીર અને પ્રતાપી છે. તેની કેટલાયે રાજાઓ સેવા કરે છે. અને સૈન્ય પણ વિસ્તૃત છે. એને આઠ મંત્રીઓ, પાંચ પુરોહિતો અને સામંતો છે. આ પ્રકારે રાજા દક્ષિણ અને મલબાર–બંને દેશોનું શાસન સુખપૂર્વક સંચાલન કરે છે. એની પાસેના વાકનઉરપુર નામે પ્રસિદ્ધ નગરમાં મંત્રી ગયા. આ નગરમાં પ્રવેશ કરતાં જ ઠાકરસી શાહને શુભ શકુન થયા. અને તેઓ હર્ષ સાથે એક મકાન લઈને તેમાં રહેવા લાગ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેટલાક દિવસો પછી ઠાકરસી શાહે વિચાર્યું, કોઈ પણ વેપારનો આશ્રય લીધા વિના વણિકપુત્રે નકામા બેસી રહેવું ઉચિત નથી. આ દેશમાં સામુદ્રિક વેપાર છે. આથી વહાણમાં માલ ભરીને પોતના ભાઈ વિજ-વિજયને કણયાપુર મોકલ્યો. કણયાપુરની રૂપવતી રાણીનું નામ જયસેના હતું. પૂર્વકર્મના ઉદયથી રાણીના શરીરમાં શાકિનીની પીડા હતી. રાજાએ મંત્ર, યંત્ર, તંત્ર, ઔષધી આદિ અનેક ઉપચારો કરાવ્યા. કોઈનાથી કંઈ લાભ ન થયો. અને આ રીતે બાર વર્ષ વીતી ગયાં. રાજાએ ઢંઢેરો પિટાવ્યો કે જે રાણીને નીરોગ કરી દેશે તેનું દુઃખ, દારિદ્રય રાજા દૂર કરી દેશે. આ અવસરે વિજય કણયાપુર ગયો અને જઈને રાજાને મળ્યો. ઢંઢેરાનો કોલાહલ સાંભળીને તેણે કહ્યું: 'શી વાત છે?' રાજાએ રાણીનાં છળ-છિદ્ર પીડાનું વૃત્તાંત કહ્યું. વિજયે હસીને કહ્યું: "એની શી ચિંતા છે? હું હમણાં જ ઠીક કરી દઉં છું— બોલાવો રાણી સાહેબાને." રાજા તેને રાણી પાસે લઈ ગયો. વીજાને વીરવિદ્યા સિદ્ધ હતી. તેના પ્રભાવથી રાણી સ્વસ્થ થઈ ગઈ. જે બાર વર્ષોથી અબોલ રહી હતી તે હવે સહર્ષ બોલવા લાગી. રાજાએ મનોવાંછિત વસ્તુ માગવાને કહ્યું. વિજય-વીજો અશ્વપરીક્ષક (શાલિહોત્ર) પણ હતો. તેણે એ જ અશ્વરત્ન માગ્યું, જે અશ્વ રાજાને ત્યાં એકલો ઊભો હતો. અને ધૂપ સુગંધી ચામર આદિથી આરાધિત અને પટકુલ આદિથી સુશોભિત હતો. રાજાએ વચનબદ્ધ થઈ વીજાને અશ્વરત્ન આપી દીધું. વીજા એને લઈને જહાજ માર્ગે વાકનઉર નગરના બંદરે પહોંચ્યો. ઠાકરસી શાહને વધામણી આપવામાં આવી, ઠાકરસી શાહ સમુદ્રતટ પર આવ્યા અને જહાજમાંથી ઊતરીને વીજાએ તેમને પ્રણામ કર્યા. ઠાકરસી શાહ અશ્વરત્નને જોઈને અત્યંત આનંદિત થઈ ગયા. વચ્છરાજના પુત્ર ઠાકરસીએ વિચાર્યું કે, આ કલ્પવૃક્ષ સમાન અશ્વરત્ન અમને મળ્યું છે; તો માલમ પડે છે કે, હવે અમારું પૂર્વકૃત પુણ્ય પ્રગટ થયું છે.

ઠાકરસીએ અશ્વરત્નને ઉત્સવપૂર્વક લઈ જઈ ઘરમાં બાંધ્યું, પછી તે રાજાને ભેટ કરવા માટે અશ્વરત્ન લઈ વિજયનગર ગયો અને રાજા હરિયડને મળ્યો. રાજા અશ્વરત્ન જોઈ ચિત્તમાં ચમત્કાર પામ્યો. અને શાલિહોત્ર લોકોને તત્કાલ બોલાવી અને પંડિતોને આ અશ્વની જાત વિશે પૂછયું. તેમણે કહ્યું કે, ઈંદ્ર અને સૂર્ય ઉપરાંત આ ત્રીજો અશ્વ છે જે આપે પ્રાપ્ત કર્યો છે. આવો ચોથો ઘોડો કયાંય સાંભળવામાં આવ્યો નથી. રાજાએ આનંદિત થઈને ઠાકરસીનો ખૂબ આદર કર્યો. અને તેને બધા મંત્રીઓના ઉપરી તરીકે પ્રધાનપદ આપ્યું. ઠાકરસી શાહ રાજાની પાસે હવે પ્રેમપૂર્વક રહેવા લાગ્યા અને નાનાભાઈ વીજાને બાકનુરિમાં રાખ્યો.

આ તરફ સોરઠ દેશમાં એવું બન્યું કે, મંત્રીના ગયા પછી અસુર સેનાએ જૂનાગઢ ઉપર આક્રમણ કર્યું, રસ્તાઓ અને ઘાટ બધા બંધ કરી દીધા. રાજાએ ખેદપૂર્વક કોઈ રીતે દશ-બાર વર્ષ વીતાવ્યાં છેવટે પોતાના રાજ્યમાં, બુદ્ધિશાળી મંત્રી ઠાકરસીનો અભાવ સાલવા લાગ્યો ત્યારે રાજાએ સોરઠ દેશ છોડયો અને સમુદ્ર માર્ગે મલબાર આવ્યો. જ્યારે ઠાકરસીએ રાજા ખેંગાર આવ્યાનું સાંભળ્યું ત્યારે તે સ્વાગતપૂર્વક જઈને મળ્યો અને સોરઠપતિને નમસ્કાર કર્યા. પછી તેમને ધણીયે ભેટ આપી અને સારા સ્થાનમાં ઉતારો કરાવ્યો. સોરઠનરેશ ખેંગારની સેવામાં રહેવાથી ઠાકરસી શાહ દરબારમાં જઈ ન શકયા ત્યારે રાજા હરિયડે મંત્રીની અનુપસ્થિતિનું કારણ પૂછયું. ચાડીખોર પુરોહિતે કહ્યું: "મહારાજ! સોરઠપતિ ખેંગાર અહીં આવ્યા છે. આ રાજા શાહજીના પહેલાના સ્વામી છે. તેથી તેમની સેવા કરે છે. વાસ્તવિક વાત તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ છે કે ખેંગાર મોટો યોદ્ધો અને પ્રતાપી છે. તેણે આપનું રાજ્ય લેવા માટે પહેલાં મંત્રીને મોકલ્યા અને અત્યારે એ સ્વયં આવ્યો છે"

વિજયનગરનો સ્વામી હરિયડ આ સાંભળીને ક્રોધિત થઈ ગયો અને ધૂર્ત પુરોહિતની વાત સત્ય માનીને તેણે તત્કાલ ઠાકરસી શાહને બોલાવવા સાત દૂતો મોકલ્યા. મંત્રીશ્વર ઠાકરસી રાજાના બોલાવવાથી ઘણીએક ભેટો અને યોગ્ય વસ્તુઓ લઈને રાજા ખેંગારને વિજયનગરપતિ સાથે મેળાપ કરાવવા માટે સાથે લઈ આવ્યો. સિંહદ્વાર પર બંને નરેશો મળ્યા. ખેંગાર સાથે પ્રૌઢ પરિવાર હતો. હરિયડના મનમાં પુરોહિતના વચનોથી ભય પેસી ગયો હતો, તેથી કપટપૂર્વક પોતાને ત્યાં ભોજન માટે નિમંત્રણ કર્યું.

રાજા હરિયડે જાત જાતનાં ભોજન તૈયાર કરાવ્યાં અને સોરઠપતિનું કાસળ કાઢી નાખવા માટે ખીરમાં વિષ નંખાવ્યું. રસોઈ તૈયાર થઈ જતાં હરિયડે સવારને મોકલ્યો. તેણે મંત્રીને પુરોહિતની ચાડી અને વિષભોજનની ગુપ્ત વાતનો છાનીરીતે નિર્દેશ કર્યો. મંત્રી સાવધાન બની ગયો. અને તેણે સોરઠપતિને બચાવવા માટે એક ઉપાય વિચાર્યો. તેઓ તત્કાલ હરિયડની પાસે ગયા અને કહ્યું; 'સ્વામિન્ ! આમાં તો નીચ જાતિના લોકો પણ છે, તેથી તેમને માટે તો ઉદ્યાનભોજન જ ઉપયુક્ત લાગશે. રાજાએ આને હિત વાત માની લઈ ભોજનસામગ્રી મોકલાવી દીધી. મંત્રીએ રસોઈ બદલી નાખીને ભોજન કરાવ્યું અને એ રીતે સોરઠનરેશને બચાવી લીધા.

મંત્રી ઠાકરસીએ બે લાખ રૂપિયા અને ઘણીયે સામગ્રી આપીને ખેંગાર રાજાને વિદાય આપી. તેણે ગોહિલવાડ જઈને એક લાખ રૂપિયાના ઘોડા ખરીદ્યા અને સૈન્ય એકઠું કરી ગઢ ગિરનાર જઈ પહોંચ્યો. યવનો ઉપર આક્રમણ કરી ખેંગારે તેમને નસાડી મૂક્યા. અને દુર્ગમાં પ્રવેશ કરી પોતાનો અધિકાર કરી લીધો. યાદવપતિ ખેંગારે પોતાના પિતાનું નામ રાખ્યું અને દુષ્ટોને કાઢી મૂકી પોતાની ક્ષાત્રવટને ઉજ્જ્વલ કરી.

આ તરફ રાજા ખેંગારને રવાના કર્યા પછી શાહ ઠાકરસી દક્ષિણનરેશ હરિહરની સેવામાં પૂરેપૂરો ઉદ્યત બન્યો. રાજાએ પૂછ્યું કે, તમને તમારા પૂર્વ સ્વામીએ શા કારણે છોડ્યા હતા? (અને પછી તમારી પાસે શા ખાતર આવ્યા હતા?) મંત્રીએ કહ્યું: "સ્વામી ! ઘેર આવેલા મહેમાનને કેમ દૂર કરાય ? રાજ્યભ્રષ્ટ બનીને રાજા ખેંગાર અહીં આવ્યા અને દસ-વીસ દિવસ રહી ગયા. આપ એ વાતને ધીરજથી વિચારો ? ચાડીખોરોના વચનથી આપના કાન કાચા ન બનવા જોઈએ. ત્યારે હરિયડે પૂછ્યું: 'ખેંગાર કેવી રીતે રાજ્યભ્રષ્ટ થયા ?' મંત્રીએ કહ્યું: "યવનોના પ્રબલ આક્રમણથી ગઢ છોડીને રાજા ખેંગાર અહીં આવ્યા હતા."

એ જ સમયે સોમેશ્વર શિવની યાત્રા કરીને પાછા ફરેલા યાત્રીઓને પૂછીને રાજાએ પોતાના મનનો સંદેહ દૂર કર્યો અને ઠાકરસીશાહના વચનોની સત્યપ્રતીતિ થઈ, પુરોહિતનાં વચનો પાપપૂર્ણ માનીને મંત્રીને પૂછ્યું: 'તમે યાદવ ખેંગારને કેવી રીતે જમાડ્યા ?' મંત્રીએ કહ્યું: 'ભોજન પછી ક્ષત્રિયો અને ખેંગાર એક પળવાર પણ થોભ્યા નથી. તેઓ ઘોડા ઉપર સવાર બનીને વિદાય થઈ ગયા છે.

આ સાંભળી હરિયડના મનમાં ખૂબ પશ્ચાત્તાપ થયો. અને તેમણે વિચાર્યું કે, દુષ્ટના વચનથી મેં વિના વિચારે અકાર્ય કર્યું છે, ખરે જ સોરઠપતિના પ્રાણ મેં સંકટમાં નાખ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને મારા કુળને કલંક લગાડયું. પુણ્ય વિના અતિથિ ઘેર આવતા નથી. અને મેં તો અતિથિ સાથે આવો અવિચારપૂર્ણ વ્યવહાર કર્યો.

મંત્રી ઠાકરસીએ રાજાને પશ્ચાત્તાપ કરતા જોઈને થયેલી બીનાની હકીકત કહીને નિશ્ચિંત કર્યો. રાજા અને મંત્રીની પ્રીતિમાં પરસ્પર વધારો થયો.

એકવાર સભામાં દૂતે આવીને મોટે સાદે ખબર આપી કે, કનાડાનો પંડીરાય આપણા ગામોમાં લૂંટફાટ કરીને, બાળમચ્ચાં, અને સ્ત્રીઓને પજવીને અન્યાય કરી રહ્યો છે. રાજાએ જ્યારે કનાડાના પંડીરાયની આ વાત સાંભળી ત્યારે તે ચિંતાતુર બની ગયો અને નીસાસો નાખવા લાગ્યો, ત્યારે મંત્રીએ કહ્યું: "સ્વામી ! દુઃખની એવી શી વાત છે ?" ત્યારે રાજાએ કહ્યું: ઉંદર જેમ દીવાની વાટ લઈ જાય છે તેમ જ આ કનાડાનો પંડીરાય મારા રાજ્યમાં ઉત્પાત મચાવે છે. રાતદહાડો મારા હૃદયમાં આ વાત કાંટાની માફક ખૂંચ્યા કરે છે; એ કેવી રીતે દૂર કરી શકાય ?"

આ સાંભળીને મંત્રીશ્વર ઊભો થયો અને નમસ્કાર કરી બોલ્યોઃ "મને એ દુષ્ટનું નામ અને સ્થાન જણાવો." રાજાએ કહ્યું: મંગલપુરનો પંડીરાય ઉદ્દંડ છે; જે કોઈના કાબૂમાં નથી અને કોઈને ખંડણી પણ આપતો નથી.

મંત્રીએ કહ્યું: 'આપના પ્રતાપે એ બધું ઠીક થઈ જશે.'

રાજાએ સેનાપતિને બોલાવીને ઘોડાઓ તૈયાર કરવાની આજ્ઞા આપી, ત્યારે કાછેલા, કેચી, મકરાણા, લસાહિલા, માહરિ, હરમજી, દરકારી, દલદૂઅણ, મહુગા, મુલતાની, ખુરાસાની, સિંધુઆ, સોરઠી, પારકરા, હાડાવટ વગેરે વિવિધ પ્રકારના જાતવંત ઘોડાઓ ઉપર જીન કસીને સુભટ લોકો હરિયડના મંત્રી ઠાકરસીના સૈન્યમાં જવા માટે તૈયારી કરવા લાગ્યા.

(આટલા વર્ણન પછી રાસનો ભાગ મળતો નથી. આથી આ રાસની કયાંક પૂર્ણ પ્રીતિ કોઈ પણ સજ્જનને હાથ લાગે તો સૂચના કરવા વિનંતિ છે.)

[રાસનું પર્યાલોચન આવતા અંકે આપવામાં આવશે.]



[અનુસંધાન પૃષ્ઠ : ૭૫ થી ચાલુ]

જુદા જુદા દેશકાળમાં જુદા જુદા મહાપુરુષોએ જુદા જુદા નામે આ જ્યોતિને સંબોધી છે. પરમ તપસ્વી મહાવીરે તે જ્યોતિને કરુણા કહી. કપિલવસ્તુના સિદ્ધાર્થકુમારે તે જ્યોતિને મૈત્રી કહી. બેથલહેમના સુથાર જિસસે તે જ્યોતિને પ્રેમ કહ્યો. શંકરાચાર્યે તે જ્યોતિને અદ્વૈત કહી ને ભુદાનપ્રણેતા વિનોબાએ તે જ્યોતિને સામ્યયોગ કહ્યો છે. નામ ગમે તે હોય પણ ભાવના તો એક જ છે. મૈત્રી, પ્રેમ ને કરુણાની જ જ્યોતિ સૌએ ઝંખી હતી. પ્રેમની આ જ્યોતિ ત્યાગ અને સેવા દ્વારા પ્રગટે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શક્રે કેટલાં નાટક સર્જ્યાં સર્જાવ્યાં ?

લેખકઃ—પ્રો. શ્રીયુત હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

શ્રમણ ભગવાન મહાવીરસ્વામીએ ઈ. સ. પૂર્વે ૫૬૯માં ત્રીસમે વર્ષે દીક્ષા લીધી. ત્યાર બાદ એમના ૨૯મા ચોમાસામાં ઈ. સ. પૂર્વે ૫૪૦માં અદ્‌ભુત — વિલક્ષણ ઘટના બની. અભિમાને રાજાને રાજર્ષિ બનાવ્યો, અને ગર્વ ઉતારનાર **શક્ર**ને આશ્ચર્યચકિત કર્યો.

વાત એમ બની કે ચંપાથી નીકળી **મહાવીરસ્વામી** 'દશાર્ણ' દેશમાં પધાર્યા. ત્યાં 'દશાર્ણ' નગરમાં દશાર્ણભદ્ર નામનો રાજા રાજ્ય કરતો હતો. **મહાવીરસ્વામી** પધારે છે એમ સાંભળી એ રાજાએ એવો વિચાર કર્યો કે એમને વંદન કરવા માટે મારે એવી ઋદ્ધિ — ઠાઠમાઠથી ધામધૂમપૂર્વક જવું કે અન્ય કોઈએ તેમ કર્યું ન હોય. એમ એ રાજા અભિમાનના શિખર ઉપર ચડ્યો. આ તરફ **શક્ર** ઇન્દ્રને એ રાજાના અભિમાનની — એમના એ અનિષ્ટ વિચારની જાણ થઈ. તેમ થતાં એ ઇન્દ્રને આ રાજાના ગર્વને ઉતારવાનો વિચાર આવ્યો, અને એણે દેવસંપત્તિનું અને દિવ્ય શક્તિનું પ્રદર્શન કર્યું. દશાર્ણભદ્ર જે પોતાની સમસ્ત રાજ્યલક્ષ્મી સહિત **મહાવીરસ્વામી**ને વંદન કરવા આવ્યો હતો અને એમની પાસે બેઠો હતો તે એ **શક્રે** વિકુર્વેલાં નાટકો જોઈ ઠંડો પડી ગયો — એનો ગર્વ ગળી ગયો અને એ રાજાએ તો ત્યાં ને ત્યાં જ, ઈ. સ. પૂર્વે ૫૫૭માં સર્વજ્ઞ બનેલા **મહાવીરસ્વામી** પાસે દીક્ષા લઈ લીધી. દશાર્ણભદ્ર રાજર્ષિનું એ અદ્‌ભુત વૈરાગ્યપરાક્રમ જોઈ એમને હસનાર — એમનો ગર્વ ઉતારવા પ્રયાસ કરનાર **શક્ર** ઇન્દ્ર આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો અને એ રાજર્ષિને વંદન કરી પોતાને સ્થાનકે પાછો ફર્યો.

શક્રે દશાર્ણભદ્રનો ગર્વ ઉતારવાના પ્રસંગે કેટલાં નાટકો સર્જ્યાં — સર્જાવ્યાં એ બાબતે મતાંતરો જોવાય છે. અને એ જોવા માટે — એનો કંઈ તોડ નીકળે એ ઈરાદે તો હું આ લેખ લખવા પ્રવૃત્ત થયો છું.

આવસ્સય નામના એક **જૈન** આગમ ઉપર — એક મહત્ત્વના મૂલસૂત્ર ઉપર શ્રુતકેવલી **ભદ્રબાહુસ્વામી**એ નિર્યુક્તિ રચી છે. એને અનુલક્ષીને કોઈ કે — કેટલાકના મતે **જિનદાસગણિ** મહત્તરે ચુર્ણિ રચી છે અને એ બે ભાગમાં પ્રસિદ્ધ થયેલી છે. સમભાવભાવી **હરિભદ્રસૂરિ**એ ઉપર્યુક્ત **આવસ્સય** અને એની નિર્યુક્તિના સ્પષ્ટીકરણાર્થે સંસ્કૃતમાં વૃત્તિ રચી છે ખરી, પરંતુ ઘણાંખરાં કથાનકો તો પાઇયમાં અને તે પણ પ્રાયઃ ચુર્ણિગત શબ્દોમાં રજૂ કર્યાં છે. આ સૂરિની આ કૃતિ છપાયેલી છે. એમણે **ઉવએસપય** રચ્યું છે અને એના ઉપર **મુનિ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચન્દ્રસૂરિએ વિ. સં. ૧૧૭૪માં **સુખસંબોધના** નામની વૃત્તિ રચી છે. એ પણ પ્રકાશિત છે. પ્રસ્તુત લેખ સાથે, આ ઉપરાંતની જે વિશિષ્ટ કૃતિ વિચારવા જેવી છે તેની રચના **વિજયલક્ષ્મીસૂરિએ** વિક્રમની ૧૯મી સદીમાં કરી છે. એ કૃતિનું નામ **ઉપદેશપ્રાસાદ** છે, અને એ સ્વોપજ્ઞ વૃત્તિ સહિત છપાયેલી છે.

ઉપર્યુક્ત ચુણિ (પત્ર ૪૮૩)માંનો નિમ્નલિખિત પાઠ **શકે** કેટલાં નાટકો સર્જ્યાં અને તેમ કરવા પૂર્વે એણે શું શું કર્યું ઇત્યાદિ બાબતો રજૂ કરે છેઃ—

"तेणं कालेणं तेणं समएणं **सक्के** देविन्दे जाव विहरति तते णं **दसण्णस्स** रण्णो इमं एयारूवं अणुद्दितं जाणित्ता **एरावणं** हत्थिरायं सद्दावेति २ एवं वयासि–'गच्छाहि णं भो तुमं देवाणुप्पिया ! चोवट्ठिं दंतिसहस्साणि विउव्वाहि। एगएगाए बोन्दीए चोवट्ठिं अट्ठ दन्ताणि अट्ठ सिराणि विउव्वाहि। एगमेगे दन्ते अट्ठट्ठ पुक्खरिणीओ। एगमेगाए पुक्खरिणीए अट्ठट्ठ पउमाणि सतसहस्सपत्ताणि। एगमेगे पउमपत्ते दिव्वं देविड्ढिं दिव्वं देवज्जुत्तिं दिव्वं देवाणुभागं दिव्वं बत्तीसतिविहं नट्टविहिं उवदंसेहि'।"

આનો હું અર્થ સૂચવું તે પૂર્વે આ મુદ્રિત પાઠમાં જે અશુદ્ધિ હોવાનું ઉપલક દૃષ્ટિએ જણાય છે તેનો હું નિર્દેશ કરું છું. "दन्ताणि अट्ठ सिराणि" એવા પાઠને બદલે "सिराणि अट्ठ दन्ताणि" એવો પાઠ હોવો જોઈએ એમ ઉપલક દૃષ્ટિએ લાગે છે. વળી **देवज्जुत्तिं** ને બદલે देवज्जुत्ति એમ પાઠ હોવો જોઈએ. આ અશુદ્ધિ કંઈ અર્થમાં બાધક બનતી નથી. અશુદ્ધિ વિષે ઉપર મુજબ સૂચન કરી હું હવે ઉપર્યુક્ત અવતરણનો અર્થ દર્શાવું છું.

તે કાળમાં તે સમયમાં દેવેન્દ્ર **શક** વિહરતો હતો. એણે દશાર્ણભદ્ર રાજાની આ પ્રકારની પ્રવૃત્તિને જાણીને **ઐ**રાવણ હસ્તિરાજને બોલાવ્યો અને કહ્યું કે હે દેવાનુપ્રિય ! તું ચોસઠ હજાર (૬૪૦૦૦) હાથીઓનું સર્જન કર. એ દરેકના શરીર ઉપર ૬૪×૮=૫૧૨ મસ્તક બનાવ અને મસ્તકે મસ્તકે આઠ આઠ દંતૂશળ રચ. એકેક દંતૂશળ ઉપર આઠ આઠ પુષ્કરિણી (વાવડી) બનાવ અને એ પ્રત્યેક પુષ્કરિણીમાં લાખ લાખ પત્રવાળાં આઠ પદ્મોની રચના કર. વળી એ પદ્મના એકેક પત્ર ઉપર દિવ્ય એવી દેવની ઋદ્ધિવાળી, દિવ્ય એવી દ્યુતિવાળી અને દિવ્ય એવા દેવના પ્રભાવવાળી બત્રીસ પ્રકારની નાટ્યવિધિ દર્શાવ.

આ અર્થ કરતી વેળા મેં **चोवट्ठ अट्ठि** થી ૬૪×૮ એમ જે કહ્યું છે તે [૨]**કથાર્ણવાંકા**માં અને **ઉપદેશપ્રાસાદ**માં પ્રત્યેક હાથીને ૫૧૨ મુખ હોવાનો ઉલ્લેખ વાંચી સ્ફુરેલા વિચારનું પરિણામ છે. એ કથન જો સમુચિત ન જ હોય તો આ પાઠાંશનો શો અર્થ કરવો તે સૂચવવા મારી સહૃદય સાક્ષરોને સાદર વિજ્ઞપ્તિ છે. બત્રીસ પ્રકારની નાટ્યવિધિ એટલે બત્રીસ નાટકો એમ અર્થ કરતાં, ઉપર્યુક્ત ચુણિ પ્રમાણે **શકે** તૈયાર કરાવેલાં નાટકોની સંખ્યા નીચે મુજબની થવા જાય છેઃ—

---

૧ સામાન્ય રીતે 'બત્રીસ' એ અર્થમાં 'બત્તીસ' શબ્દ વપરાય છે એ વાત ખરી, પરંતુ **સમવાય** (પત્ર ૫૭) વગેરેમાં બત્તીસઈ કે બત્તીસતિ એવો પણ શબ્દપ્રયોગ જોવાય છે. જુઓ **પાઇયસદ્દમહાણ્ણવ** (પૃ. ૭૭૮).

૨. જુઓ પૃષ્ઠ:

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૬૪૦૦૦ × ૫૧૨ × ૮ × ૮ × ૮ × ૧૦૦૦૦૦ × ૩૨ = ૫૩૬૮૭૦૯૧૨૦૦૦૦૦૦૦

આમ ત્રેપન કરોડ અડસઠ લાખ સિત્તેર હજાર નવસો ને બાર એટલાં અબજ નાટકો થયાં.[1] આ સબંધમાં હરિભદ્રસૂરિકૃત **આવસ્સયની** વૃત્તિ (પત્ર ૩૫૯ અ)માં નીચે પ્રમાણે પાઠ છે:—

" **सक्को य देवराया एरावणं विलग्गो। तस्स अट्ठ मुहे विउव्वइ। मुहे मुहे अट्ठ अट्ठ दन्ते विउव्वेइ। दन्ते दन्ते अट्ठ अट्ठ पुक्खरणिओ विउव्वेइ। एक्केक्काए पुक्खरणीए अट्ठ अट्ठ पउमे विउव्वेइ। पउमे पउमे अट्ठ अट्ठ पत्ते विउव्वेइ। पत्ते पत्ते अट्ठ अट्ठ बत्तीसबद्धाणि दिव्वाणि णाडगाणि विउव्वइ।** "

આનો અર્થ એ છે કે દેવોનો રાજા **શક્ર ઐરાવણને** વળગ્યો—**ઐરાવણ** ઉપર બેઠો એણે એ **ઐરાવણનાં** આઠ મુખ વિકુર્વ્યાં, મુખે મુખે આઠ આઠ દંતૂશળ વિકુર્વ્યાં, દંતૂશળે દંતૂશળે આઠ આઠ પુષ્કરિણીઓ વિકુર્વી, એક એક પુષ્કરિણીએ આઠ આઠ પદ્મો વિકુર્વ્યાં, પદ્મે પદ્મે આઠ આઠ પત્રો વિકુર્વ્યાં અને પત્રે પત્રે બત્રીસ જાતનાં દિવ્ય નાટકો વિકુર્વ્યાં. મુદ્રિત આવૃત્તિમાં " **अट्ठ अट्ठ बत्तीसबद्धाणि** " એમ જે છપાયું છે તેમાં **अट्ठ अट्ठनો** અર્થ સમજાયો નથી એટલે એ વાત જતી કરાઈ છે. શું ૮ × ૮ × ૩૨ એમ નાટકોની સંખ્યા સમજવાની છે કે " **अट्ठ अट्ठ** " એટલો પાઠ વધારવો–નિરર્થક છે? અત્યારે તો બત્રીસ જાતનાં નાટકો એટલે બત્રીસ નાટકો એવો અર્થ કરી નાટકોની સંખ્યા હું નીચે મુજબ દર્શાવું છું:—૧ × ૮ × ૮ × ૮ × ૮ × ૩૨ = ૧૦૪૮૫૭૬

ચુણિ પ્રમાણે નાટકોની જે સંખ્યા ઉપર મેં દર્શાવી છે તેના હિસાબે આ સંખ્યા ઘણી નાની છે, કેમકે અહીં ચોસઠ હજાર હાથીઓને બદલે એક જ હાથી, પ્રત્યેક હાથીને ૫૧૨ મુખને બદલે આઠ મુખ અને પ્રત્યેક પક્ષે એક લાખ પત્રોને બદલે આઠ જ પત્ર એ પ્રકારનો ઉલ્લેખ છે. આ તો સ્થૂળ ગણના થઈ. સૂક્ષ્મ ગણના પ્રમાણે તો વૃત્તિગત નાટકોની સંખ્યા ચુણિમાં દર્શાવાયેલી સંખ્યાને હિસાબે પાંચ હજારમાં એકસો વીસ કરોડમે ભાગે છે. અન્ય રીતે કહું તો ચુણિ પ્રમાણેનાં નાટકોની સંખ્યા વૃત્તિ પ્રમાણેનાં નાટકોની સંખ્યા કરતાં ૫૧૨૦ કરોડ ગણી છે.

આમ જે **આવસ્સયની** ચુણિ અને હારિભદ્રીય વૃત્તિમાં નાટકોની સંખ્યા પરત્વે ખૂબ જ તફાવત જણાય છે તે ભિન્ન ભિન્ન પરંપરાને આભારી જણાય છે. ચુણિને મળતો પાઠ [2]ધર્મઘોષસૂરિએ રચેલા **महरिसिगुणसंथव** કે જેને સામાન્ય રીતે **ઋષિમંડલપ્રકરણ** કહેવામાં આવે છે તેની નિમ્નલિખિત ગાથામાં જોવાય છે:—

---

૧. અન્ય રીતે કહું તો પાંચ મધ્ય, ત્રણ અંત્ય, છ જલધિ, આઠ શંકુ, સાત મહાપદ્મ, નવ ખર્વ, એક અબજ ને વીસ કરોડની આ સંખ્યા છે.

૨. આ રૂપ સાચું છે, પરંતુ એની પહેલાં અનેકવાર **विउव्वेइ** એનો પ્રયોગ કરાયો છે તો તે જોતાં અહીં પણ એવો પ્રયોગ હશે એમ લાગે છે.

૩. આ સૂરિ કયારે થયા તેમજ કયા ગચ્છના છે તેનો અંતિમ નિર્ણય કરવો બાકી રહે છે. બાકી એમની આ કૃતિ ઉપર વિ. સં. ૧૩૮૦ માં તાડપત્ર પર લખાયેલી વૃત્તિ મળે છે એ જોતાં આ સૂરિ વિ. સં. ૧૨૮૦ ની આસપાસ કરતાં તો અર્વાચીન નહિ હશે અને એ હિસાબે એઓ વિધિપક્ષના હોય તો ના નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

" चउसट्ठि करिसहस्सा, चउसट्ठि स अट्ठदन्त अट्ठसिरा ।
दन्ते य एगमेगे, पुक्खरिणीओ य अट्ठट्ठ ॥ ८२ ॥
अट्ठट्ठ लक्ख पत्ताइं, तासु पउमाइं हुन्ति पत्तेयं ।
पत्ते पत्ते बत्तीस, बद्ध नाडयविही दिट्ठो ॥ ८३ ॥"

ધર્મઘોષસૂરિની ઉપર્યુક્ત કૃતિ ઉપર પદ્મમંદિરગણિએ વિ. સં. ૧૫૫૩ માં **કથાર્ણવાકા** નામની વ્યાખ્યા સંસ્કૃતમાં રચી છે. એના (૧૦૨ આ પત્ર)માં કહ્યું છે કે ૬૪૦૦૦ હાથી એ વાત પ્રકરણકારના અભિપ્રાય અનુસાર છે, નહિ કે સિદ્ધાંતના, કેમકે **આવશ્યક** અને **ઉત્તરાધ્યયન**ની વૃત્તિ વગેરેમાં તો એક જ ઐરાવણના વદનાદિના વિસ્તારનું કથન છે. વળી ૬૪×૮ =૫૧૨ એ મુખોની સંખ્યા પણ પ્રકરણકારના અભિપ્રાય મુજબની છે, નહિ કે સૈદ્ધાંતિકોની, કેમકે સિદ્ધાંતમાં પ્રાયઃ એવો ઉલ્લેખ જોવાતો નથી.

આ સંબંધમાં એ ઉમેરીશ કે **આવસ્સય**ની ચુણિમાં તો **ધર્મઘોષસૂરિ**ના કથન અનુસારની હકીકત છે કે જેનો નિર્દેશ મેં ઉપર કર્યો છે. આથી એ પ્રશ્ન ઉદ્ભવે છે તે શું એ ચુણિના રચનાર સૈદ્ધાંતિક ન કહેવાય કે આ ચુણિ હોવાની વાત **પદ્મમંદિરગણિ**ના ખ્યાલ બહાર છે?

ઉપદેશપ્રાસાદના ૧૮૧ મા વ્યાખ્યાનમાં દશાર્ણભદ્રનો ઉલ્લેખ છે અને એની સ્વોપજ્ઞ વૃત્તિ (ભા. ૩, પત્ર ૧ આ. – ૨ આ.)માં એમનું વૃત્તાંત નીચે મુજબ અપાયું છે :—

'દશાર્ણ' દેશમાં 'દશાર્ણ'નગરમાં દશાર્ણ રાજા પાંચસો અંતઃપુરીઓ સાથે—૫૦૦ પત્નીઓ સાથે સુખ ભોગવતો હતો. એક દિવસ ચરે (સેવકે) સંધ્યાસમયે એ રાજાને ખબર આપી કે આવતી કાલે **મહા**વીરસ્વામી ઉપવનમાં પધારવાના છે. રાજા રોમાંચિત થઈ બોલ્યો કે કોઈએ પ્રભુને વંદન ન કર્યું હોય તેવું વંદન હું સવારે કરીશ. આમ અહંકારમાં ગરકાવ બની એ રાજા સોનાની, રૂપાની અને દાંતની પર્યંકિકા (પાલખી)માં અંતઃપુરીઓને આરૂઢ કરી મોટી ઋદ્ધિ સહિત એ પ્રભુને વંદન કરવા ઊપડ્યો. ઋદ્ધિ નીચે મુજબ હતી :—

અરાઢ હજાર હાથી, ચોવીસ લાખ ઘોડા, એકવીસ હજાર રથ, એકાણુ કરોડ પાયદળ, એક હજાર સુખાસનો અને સોળ હજાર ધજાઓ.

હાથી ઉપરથી ઊતરી એ રાજાએ પ્રભુને વંદન કર્યું.

આ તરફ ઇન્દ્રને અવધિજ્ઞાન વડે જાણ થતાં, એ રાજાનો ગર્વ ઉતારવા પ્રભુને વંદન કરવા આવ્યો. એ વેળા એણે નીચે મુજબની દિવ્ય ઋદ્ધિ વિકુર્વી :—

પાંચસો બાર મસ્તક (ગંડસ્થળ)વાળો એક હાથી ૬૪૦૦૦ હાથીઓ, મસ્તકે મસ્તકે આઠ આઠ દંતૂશળ, દંતૂશળે દંતૂશળે આઠ આઠ વાવ, વાવે વાવે આઠ આઠ કમળ, કમળે કમળે લાખ લાખ પત્રો (પાંખડીઓ), પત્રે પત્રે બત્રીસ ઉત્તમ નાટકો, પ્રત્યેક કમળના મધ્યમાં કર્ણિકાના ભાગમાં એકેક ઇન્દ્રપ્રાસાદ અને એ પ્રત્યેક પ્રાસાદની વચમાં આઠ આઠ અગ્રમહિષી સહિત ઇન્દ્ર બેઠો.

પૂર્વાચાર્યોએ એકેક હાથીનાં મુખ વગેરેની સંખ્યા નીચે પ્રમાણે દર્શાવી છે એમ કહી વૃત્તિકારે તેનો ઉલ્લેખ કર્યો છે :—

૫૧૨ મુખ, ૪૦૯૬ દંતૂશળ, ૩૨૭૬૮ વાપી, ૨૬૨૧૪૪ પદ્મો તેમજ એટલા પ્રાસાદો ૨૦૯૭૧૫૨ **અગ્રમહિષીઓ**, છસો એકવીસ કરોડ અને ચુમ્માળીસ લાખ (૨૬૨૧૪૪૦૦૦૦૦) પાંદડીઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ પ્રમાણે ૬૪૦૦૦ હાથીઓ માટે સમજવું. એમાં રહેલી અગ્રમહિષીઓની સંખ્યા તેર હજાર ચારસો ને એકવીસ કરોડ (સત્તોતેર લાખ અને અઠ્ઠાવીસ હજાર (૧૩૪૨૧૭૭૨૮૦૦૦) ની જાણવી.

એકેક નાટકમાં સરખે સરખાં રૂપ, શૃંગાર અને નાટચના ઉપકરણોવાળાં ૧૦૮ દેવકુમારો અને એટલી દેવકુમારીઓ જાણવાં. આવી મોટી ઋદ્ધિ સહિત ઇન્દ્રે આવી પ્રભુને વંદન કર્યું.

આમ **ઉપદેશપ્રાસાદ**ના કર્તાનો મત પણ ચુણિણને અનુસરે છે.

હરિભદ્રસૂરિએ ઉવએસપય (ગા. ૨૧૦)માં (પત્ર ૧૫૭અ)માં પ્રસ્તુત બાબત સંક્ષેપમાં નિર્દેશી છે. આ રહી એ ગાથાઃ—

"दन्ता पुक्खरिणीओ, पउमा पत्ता य अदुट्ठ पत्तेयं।
एक्केक्क रमणपेच्छण, नरेन्दसंवेग पव्वज्जा ॥ २१० ॥"

આનો અર્થ એ છે કે દંતૂશળો, પુષ્કરિણીઓ, પદ્મો અને પત્રો એ પ્રત્યેક આઠ આઠ છે. એ પ્રત્યેક પત્રમાં રમ્ય પ્રેક્ષણક (નાટક) જોઈને નરેન્દ્ર (દશાર્ણભદ્ર)ને સંવેગ થયો અને એ જ સમયે એણે દીક્ષા લીધી. અહીં હાથીની અને એના મસ્તકની સંખ્યાનો ઉલ્લેખ નથી તો તે એક હશે એમ લાગે છે.

મુનિચન્દ્રસૂરિએ આની વૃત્તિ (પત્ર ૧૬૪ અ) માં કહ્યું છે કેઃ—

ઐરાવણ ઉપર **શક્ર** આરૂઢ થતાં દંતૂશળ થયા. એના ઉપર પુષ્કરિણીઓ, એ પુષ્કરિણીઓમાં પદ્મો અને પદ્મોમાં પત્રો થયાં. એ દંતૂશળ, પુષ્કરિણી વગેરે આઠ આઠ સંખ્યામાં થયાં. એકેક પત્ર ઉપર બત્રીસ પાત્રોથી નિબદ્ધ એવું રમ્ય પ્રેક્ષણક જોઈને દશાર્ણભદ્ર નરેશ્વરને સંવેગ ઉત્પન્ન થયો અને એમણે એ ઉપરથી તે જ ક્ષણે દીક્ષા લીધી.

આમ જો કે અહીં એક જ હાથીની વાત છે. પરંતુ બત્રીસ નાટકોને બદલે બત્રીસ પાત્રવાળું એક નાટક એમ વૃત્તિકારે કહ્યું છે, અને એ જ હકીકત જો **હરિભદ્રસૂરિને** અભિપ્રેત હોય તો **આવસ્સયની** વૃત્તિમાં એમણે જે કહ્યું છે, તેની સાથે આનો મેળ બેસતો નથી. ગમે તેમ પણ **મુનિચન્દ્રસૂરિ** પ્રમાણે નાટકોની સંખ્યા નીચે મુજબ છેઃ—

૧ × ૧ × ૮ × ૮ × ૮ × ૮ × ૧ = ૪૦૯૬.

અહીં એક મસ્તકવાળો એક હાથી છે એમ માની આ સંખ્યા મેં દર્શાવી છે. જો આઠ મસ્તકવાળો એક હાથી હોય તો નાટકોની સંખ્યા ૩૨૭૬૮ની ગણાય. નાટકોની ભિન્ન ભિન્ન સંખ્યા આ લેખમાં રજૂ કરાઈ છે તે નીચે પ્રમાણે છેઃ—

(અ) ૫૩૬૮૭૦૬૧૨૦૦૦૦૦૦૦ (ચુણિણ ઇત્યાદિ પ્રમાણે)
(આ) ૧૦૪૮૫૭૬ (**આવસ્સયની** હારિભદ્રીય વૃત્તિ અનુસાર)
(ઇ) ૩૨૭૬૮ (**ઉવએસપયની** વૃત્તિનો સંભવિત અર્થ)
(ઈ) ૪૦૯૬ (મુનિચન્દ્રસૂરિનો મત)

આ ઉપરાંત નાટકોની અન્ય સંખ્યા કોઈ કૃતિમાં હોય તો તેની તપાસ કરવી બાકી રહે છે. બાકી ઉપર્યુક્ત સંખ્યામાં ભિન્નતા ઉપસ્થિત થવામાં હાથીની સંખ્યા, એના મસ્તકની સંખ્યા, પત્રની સંખ્યા અને પત્ર દીઠ નાટકની સંખ્યા કારણભૂત છે. અંતમાં એ પ્રશ્ન રજૂ કરીશ કે **આવસ્સયની** ચુણિણ કરતાં કોઈ પ્રાચીન કૃતિમાં નાટકોની સંખ્યાનો નિર્દેશ છે ખરો ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાકોડા પાર્શ્વનાથ તીર્થ

લેખક : પૂ. મુનિરાજ શ્રીવિશાળવિજયજી (વૃદ્ધિ-ધર્મ-ગ્રંથતોપાસક)

સુમેરપુરથી સાડા ચાર માઈલના અંતરે જાકોડા નામે જૈનોનું પ્રસિદ્ધ તીર્થધામ છે. આ તીર્થ કેટલું પ્રાચીન હશે તે જાણવામાં આવ્યું નથી પરંતુ શિલાલેખોમાં જેનો જાલોર અને જાવકપુર તેમજ તીર્થમાળાઓમાં જાપુરી નામથી ઉલ્લેખ આવે છે તે જ આ જાકોડા તીર્થ છે. પં. શ્રી. મહિમાવિજયજીએ રચેલી તીર્થમાળામાં આ તીર્થનો આ પ્રકારે ઉલ્લેખ કર્યો છેઃ—

"જાપોરિ ચૌદ જિન દિનકરૂં, પાલિ ચૌદિ રે જગીસ. ૮
પોસાલિ ત્રિણિ ઇટવાલિ દસ ભલી, વાધ તલાઈ રે દેવિ."

(પ્રાચીન તીર્થમાળા સંગ્રહ : ભા. ૧, પૃ. ૫૯)

પોષાલિયાની પાસે આવેલું જાપોરિ તીર્થ છે. શિવગંજથી પોષાલિયા ચાર ગાઉ દૂર છે. અને જાકોડા તીર્થ પણ શિવગંજથી ચાર ગાઉના અંતરે છે. એટલે જાપોરિ એ જ જાકોડા સમજાય છે. પં. મહિમાવિજયજીએ આ તીર્થની અઢારમા સૈકામાં યાત્રા કરી ત્યારે અહીંના જિનાલયમાં ચૌદ જિનપ્રતિમાઓ હતી.

અઢારમા સૈકા કરતાં પ્રાચીન એવા પં. મેઘવિજયજીએ સં. ૧૪૯૯ લગભગમાં રચેલી તીર્થમાળામાં આ તીર્થ તેમજ આસપાસનાં જિનમંદિરોવાળાં ગામોની આ પ્રકારે નોંધ કરી છેઃ—

"વીસલપુરિ વાલ્હી ઊંદરિ, આલીસઈ માહિ પૂજા ફિરી;
તીરથતણુઉ ન જાણુઉં પાર, જાપોરઈ જિણ કરઉ જુહાર."

આમ વીસલપુર, વાલ્હી, ઉંદરી વગેરે ગામો જાકોડાની પાસે આવેલાં છે. તે જ આ તીર્થમાળાકારે નોંધ્યાં છે. એટલે પંદરમા સૈકામાં આ તીર્થ જાણીતું હતું.

મારા ગુરુ પૂ. શ્રીજયંતવિજયજી મહારાજશ્રીએ સંપાદિત કરેલ આબુ ભાગ બીજાના લેખાંક : ૩૧૪માં–સં. ૧૩૪૬ના ફાગણ વદિ ૩ને સોમવારે જાખલપુરના રહેવાસી શ્રીજિનચંદના પુત્ર સંઘવી ચેચટન વગેરેએ જિનપ્રતિમાઓ ભરાવ્યાનો ઉલ્લેખ એ લેખમાં કરેલો છે.

મતલબ કે આમાં ઉલ્લેખેલ જાખલપુર એ જ જાકોડા હોય તો સં. ૧૩૪૬માં આ ગામ વિદ્યમાન હતું એટલું નક્કી થાય છે.

જાકોડામાં શ્રી. પાર્શ્વનાથ ભગવાનનું સુંદર મંદિર પહાડની બીણમાં આવેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમા મૂળનાયક શ્રીપાર્શ્વનાથ પ્રભુને બદલે અત્યારે શ્રીશાન્તિનાથ પ્રભુની પંચતીર્થીયુક્ત મૂર્તિ બિરાજમાન છે. તેમાં ડાબી બાજુના કાઉસગ્ગિયા નીચે સં. ૧૫૦૪નો લેખ છે, જેમાં જાષક-પુરનો ઉલ્લેખ કરેલો છે. એટલે આ તીર્થ સં. ૧૫૦૪માં સ્થાપન થયું હોય એમ માની શકાય. શ્રી. સોમસુંદરસૂરિના શિષ્યોએ આ તીર્થની પ્રતિષ્ઠા કરી છે એમ શિલાલેખથી જણાય છે.

જમણી બાજુના કાઉસગ્ગિયા ઉપર પણ સં. ૧૫૦૪નો લેખ છે. આમાં જાષઉરના શ્રીસંઘે પરિકર ભરાવ્યું એવા નિર્દેશથી જણાય છે કે સોળમા સૈકામાં જાષઉર જે આજે જકોડા નામે ઓળખાય છે, તેમાં જૈનોની સારી વસ્તી હતી.

આમાં મૂળનાયક શ્રીપાર્શ્વનાથ ભગવાનને બદલે શ્રીશાંતિનાથ પ્રભુની મૂર્તિ છે. એ ફેરફાર કયારે થયો અને મૂળનાયકની મૂર્તિનું શું થયું એ જાણવામાં નથી. ભગવાનની ગાદીમાં બંને પડખે યક્ષ-યક્ષિણી અને બંને બાજુએ વાઘ તેમજ હાથીની આકૃતિઓ દર્શાવી છે. વચમાં દેવી છે અને દેવીની નીચે ધર્મચક્ર છે. તેની બંને બાજુએ હરણની આકૃતિઓ કોતરેલી છે.

ખેલામંડપમાં પેસતાં ડાબી બાજુએ પાવાપુરી તેમજ સમેતશિખર તીર્થના પટોની રચના છે. જમણી બાજુએ આબુ તેમજ અષ્ટાપદ તીર્થના પટો કોતરેલા છે. આ બંનેની વચ્ચે થાંભલાના મધ્ય ભાગમાં ભગવાનની મૂર્તિ છે. છ ચોકીમાં ડાબી બાજુએ શત્રુંજય-તીર્થનો પટ અને જમણી બાજુએ ગિરનાર તીર્થનો પટ છે.

શા. ઉમેદ મરજીએ ગૂઢમંડપ અને છચોકી નવી કરાવી છે. છચોકી તેમજ ત્રણ ચોકીનો સભામંડપ વડગામના ઓશવાલ શા. ભીમચંદજી પૂનમચંદજીએ કરાવેલ છે. શૃંગારચોકીની બહાર જમણી બાજુના ગોખલામાં શાસનદેવીની મૂર્તિ છે. આ ગોખલાનો જીર્ણોદ્ધાર શા. ઉમેદ મરજીના ભાઈ મૂલચંદજીએ કરાવેલ છે.

આખુંયે દેરાસર કોટયુક્ત છે. ભમતીમાં ડાબી બાજુની ઓરડીમાં ચાર પ્રતિમાઓ પરોણાદાખલ પધરાવેલી છે.

શિખર ઈંટ-ચૂનાનું બનાવેલું છે. તેનો જીર્ણોદ્ધાર શિવગંજવાળા પોરવાડ શા. પૂનમચંદજી વેલરાજ વર્ધાજીએ કરાવેલ છે.

સં. ૧૯૮૧માં અહીં શ્રાવકોનાં બે માત્ર ઘર હતાં, સાધુ-સાધ્વીઓને આ તીર્થમાં આવવા માટે તકલીફ પડે છે.

દેરાસરની સામે નાની એવી એક ધર્મશાળા હતી. સં. ૧૯૮૯માં પોમાવાવાળા ઓશ-વાલ શેઠ ઉમેદભાઈએ આ તીર્થનો વહીવટ હાથમાં લીધો ત્યારથી આ તીર્થનો જીર્ણોદ્ધાર થવા માંડયો છે, તેમણે પોતે આ તીર્થમાં સારી રકમ આપી બીજાઓ પાસેથી સારું એવું ફંડ એકઠું કરી નવી મોટી ધર્મશાળા કરાવી છે. બીજા માળનું કામ અધૂરું રહ્યું છે. ધર્મશાળા પણ પહાડની ખીણમાં જ બનેલી છે.

અહીં કુલ ૨૦૦ ઘરની વસ્તી છે. અત્યારે શ્રાવકનું એક જ ઘર છે. ધર્મશાળામાં જાત્રાળુઓ માટે બધી સગવડ રાખવામાં આવી છે,

આ તીર્થ વાંકલીથી લગભગ સાડા ત્રણ ગાઉ દૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્મ મીમાંસા

(લેખાંક–૬ ઠ્ઠો)

લેખક—માસ્તર શ્રીયુત ખુબચંદ કેશવલાલ-સિરોહી

[કંઈ પણ શાસ્ત્રવિરુદ્ધ આ લેખાંકોમાં લખાઈ જાય તો ત્રિકરણ યોગે મિથ્યા દુષ્કૃત છે. વિદ્વાનોને કંઇપણ ક્ષતિ જણાય તો ભૂલ સુધારવા મને પ્રેરણા કરે એવી નમ્ર વિનંતી છે.]

પ્રથમના લેખાંકમાં દર્શાવ્યા મુજબ અપવર્તના અને ઉદ્વર્તના દ્વારા સ્થિતિ અને રચના સ્વરૂપમાં હીનાધિકતા થઈ શકવારૂપ ફેરફાર થઈ શકે છે, તેમ કર્મની પ્રકૃતિઓમાં એક એવો પણ ફેરફાર થઈ શકે છે કે બંધાયેલ કર્મની પ્રકૃતિ–સ્થિતિ–રસ અને પ્રદેશ આ ચારેનો અન્ય કર્મરૂપે પણ પલટો થઈ જવા પામે છે. પ્રકૃતિ ભેદે કરી કર્મના આઠ મૂળ પ્રકાર જૈન દર્શનમાં જણાવ્યા છે, તેમાંથી દરેક પ્રકારના કર્મના ઉત્તર ભેદ પણ જણાવ્યા છે. તેમાં આ પલટો સજાતીય કર્મરૂપે જ થાય પણ વિજાતીય કર્મરૂપે ન થાય એ સાથે લક્ષમાં રાખવું જરૂરી છે. જેમ વેદનીય કર્મનો પલટો તે મોહનીયરૂપે ન થાય. પણ શાતા વેદનીયનો અશાતા વેદનીયરૂપે અને અશાતા વેદનીયનો શાતા વેદનીયરૂપે પલટો થઈ શકે. એટલે કે સજાતીય કર્મની ઉત્તર પ્રકૃત્તિઓમાં આ ફેરફાર થાય. આવા પલટાને "સંક્રમણ" કહે છે. આ સંક્રમણ પણ અધ્યવસાયના બળે જ થવા પામે છે. આમાં પણ કેટલીક સજાતીય ઉત્તર પ્રકૃતિઓય એવી છે કે જે બદલાતી નથી. જેમકે દર્શન મોહનીયનું સંક્રમણ ચારિત્ર મોહનીયમાં તેમજ જુદા આયુષ્યનું પરસ્પર સંક્રમણ થતું નથી.

વળી ઉદયકાળનો પ્રારંભ થયા પહેલાં તથા એ પ્રકારના અધ્યવસાયના અભાવે આ રીતે સંક્રમણ થયા સિવાય નિયત થયેલ પ્રકૃતિ–સ્થિતિ–રસ અને પ્રદેશરૂપે રહેલાં કર્મ કોઈ વખતે અબાધા સ્થિતિ સમાપ્ત થતાં વિરોધી પ્રકૃતિમાં સંક્રમીને સ્વરૂપે ઉદયમાં નહિ આવતાં પરરૂપે પણ ઉદયમાં આવે છે. તે માટે હકીકત એમ છે કે અબાધા સ્થિતિ સમાપ્ત થયે કર્મને કોઈ પણ પ્રકારે ઉદયમાં આવી નિર્જરવું જ જોઈએ એવો અવશ્ય નિયમ છે. હવે તે વખતે જો વિરોધી પ્રકૃતિનો ઉદય ચાલુ હોય તો પોતે વિરોધી પ્રકૃતિમાં (ઉદયવતી પ્રકૃતિમાં) સંક્રમીને (પરિણમીને) પરપ્રકૃતિરૂપે પણ ઉદયમાં આવે. અને વિરોધ પ્રકૃતિનો ઉદય બંધ પડતાં તે કર્મ સ્વરૂપે જ ઉદયમાં આવે છે. અથવા વિરોધી પ્રકૃતિનો કદાચ ઉદય ન હોય પરંતુ સ્થાન જ સ્વરૂપોદયને અયોગ્ય હોય તો પણ પરપ્રકૃતિરૂપે ઉદયમાં આવે છે. આ રીતે સંક્રમણ અંગે સમજવાનું છે. હવે કર્મ વહેલું ભોગવટામાં આવવા અંગે વિચારીએ.

આત્મા સાથે બંધાયેલ કર્મ બંધાતાંની સાથે જ ઉદયમાં આવવું જ જોઈએ એમ નથી. જે સમયે જેટલી સ્થિતિવાળું જે કર્મ આત્મા બાંધે છે અને તેના ભાગમાં જેટલી કર્મ-વર્ગણાઓ આવે છે તે વર્ગણાઓ તેટલો કાળ નિયત ફળ આપી શકે તેટલા માટે તેની રચના થાય છે. શરૂઆતનાં કેટલાક સ્થાનકમાં તે રચના થતી નથી, તેને અબાધા કાળ કહેવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવે છે. તે સમયમાં બંધાયેલ કર્મનો ભોગવટો હોતો નથી. અબાધા કાળ પૂર્ણ થયે ક્રમશઃ ભોગવવા માટે તેના દલિકની રચના થાય છે. અબાધા કાળ પછીના પ્રથમ સ્થાનકમાં વધારે, બીજામાં ઓછાં, ત્રીજામાં ઓછાં, એમ સ્થિતિબંધના ચરમ સમય પર્યંત દલિક ગોઠવાય છે. એક મિનિટની લગભગ સાડાત્રણ લાખ આવલિકા ગણાય. અબાધા કાળમાંથી છૂટેલ કર્મ-દલિકો પૈકી કેટલાંક દલિકોનો ભોગવવાનો કાર્યક્રમ પ્રથમ એક આવલિકા જેટલા વખતમાં ગોઠવાય તેટલા નિયત કાળને "ઉદયાવલિકા" કહે છે. એટલે કે ઉદયના સમયથી માંડીને એક આવલિકા સુધીનો ભોગવટાનો સમય તે પ્રથમ ઉદયાવલિકા કહેવાય છે. કર્મનાં સર્વ દલિકો કંઈ એક આવલિકા જેટલા સમયમાં ખતમ થતાં નથી. પણ એક ઉદયાવલિકા પૂરી થાય એટલે બીજી શરૂ થાય. દરેક ઉદયાવલિકામાં કર્મનો ઉદય ચાલુ જ હોય છે. એમ કેટલીયે ઉદયાવલિકાઓ વીત્યે છતે કર્મનો ઉદયકાળ પૂરો થાય છે. આ રીતે કર્મદલિકો ભોગવવાનો કાર્યક્રમ હોય છે. અબાધાકાળ પૂરો થયા બાદ ઉદય શરૂ થઈ કર્મદલિકો ઉદયાવલિકાઓમાં પ્રવેશવા વડે ફળદાયી બને છે. આ અબાધા કાળનો નિયમ સ્થિતિબંધ ઉપર છે. તે નિયમ એવો છે કે–જઘન્ય સ્થિતિબંધે અંતર્મુહૂર્તનો અબાધાકાળ (અનુદયકાળ) હોય છે, સમયાધિક જઘન્ય સ્થિતિબંધથી માંડી યાવત્ પલ્યોપમના અસંખ્ય ભાગાધિક બંધથી આરંભી બીજા પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ પૂર્ણ થાય ત્યાં સુધી એ સમયાધિક અંતર્મુહૂર્તનો અબાધા કાળ પડે. એમ પલ્યોપમના અસંખ્યાતમા ભાગાધિક બંધે સમય સમયનો અબાધાકાળ વધારતાં પૂર્ણ કોડાકોડી સાગરોપમના બંધે સો વરસનો અબાધા કાળ હોય. એટલે તેટલા વખતના જેટલા સમયો થાય તેટલા સ્થાનકમાં દલિકરચના ન કરે. સામાન્યરીતે કર્મ ફળદાયી બનવાનો એ પ્રમાણે નિયતકાળ હોય છે. તો પણ એના નિયતકાળ પૂર્વે પણ એને ઉદયમાં લાવી શકાય છે. અને તેને જૈન પારિભાષિક શબ્દમાં ઉદીરણા કહેવાય છે. સામાન્ય-રીતે જે કર્મનો ઉદય ચાલતો હોય તેના સજાતીય કર્મની જ ઉદીરણા થઈ શકે છે. કર્મનો ઉદય થવાનો સમય ન થયો હોય તો પણ પરાણે ઉદયમાં લાવી ભોગવે તે ઉદીરણા કહેવાય છે. આત્માને ચોકખો કરવો હોય તો કાચી મુદતે પણ કર્મ ખપાવવાનો રસ્તો હોવો જોઈએ. કાચી મુદતે કર્મને કાપી શકાય તો જ સમ્યક્ત્વ, દેશવિરતિ, જ્ઞાન થવાનું શકય બને છે. કાચી મુદતે કર્મ ન ખપાતાં હોત તો ચાહે જેટલાં કર્મ સુંદર કરો કે ન કરો તેની કિંમત શું ? જે કર્મ અત્યારે ઉદય આવતું નથી તે લાંબા કાળે–ભવિષ્ય કાળે ઉદયમાં આવવાનું છે. અત્યારે ન ભોગવવાં પડે તે નરકમાં ભોગવવાં પડે, પણ તેવાં કર્મોને અત્યારે જે ભોગવવામાં આવે તે ઉદીરણા કરીને ભોગવ્યાં કહેવાય. જેઓ વેદવાની તાકાતવાળા હોય તે વેદી શકે. વેદવાની તાકાત ન હોય તો ઊલટાં બમણાં બંધાય છે. કેટલાકો ખમીને ખૂએ છે. ભોગવે તેમાં આર્ત્ત રૌદ્ર ધ્યાન કરે તો નરક વગેરેનું આયુષ્ય બાંધે. સમ્યગ્દૃષ્ટિ આત્મા તો વહેલું ઉદયે આવે તેમાં ભવિતવ્યતાનો પાડ માને. તે તો એમ જ સમજે કે દેવું તો ગમે તે સ્થિતિમાં ભરવું પડશે. પણ સારી હાલતમાં દેવું સહેલાઈથી ભરી શકાશે. જિનેશ્વર જેવા દેવ વગેરે મળ્યું છે તો આવા વખતે કર્મને ભોગવીને પરિણામ નહિ ટકાવીએ તો જે વખતે જિનેશ્વરના ધર્મનું શ્રવણ ન હોય તે વખતે પરિણામ કયાંથી ટકશે ? તપસ્યા, લોચાદિક વગેરે વેદનીયની ઉદીરણા છે. એટલે અહીં સમજવાનું એ છે કે કર્મ ઉદયમાં આવ્યું અને કર્મ ઉદયમાં લાવ્યો તેમ બે પ્રકાર છે. આપણે ઉદયમાં આવેલાં કર્મોથી કંટાળીએ છીએ પછી લાવવાની વાત તો દૂર રહી. જ્યારે મહાપુરુષો તો દેખે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કે આ સ્થાને પ્રતિકૂલતા થશે તેથી જાણી જોઈને ઉદય થવાના સ્થાનકે દોડે. એટલે મહાત્મા પુરુષો ઉદીરણા કરીને ઉદયમાં લાવે. અઘાતીની ઉદીરણા જાણી જોઈ ને કરી શકાય. ઘાતીની ઉદીરણા તો તાકાતવાળો કરી શકે. જ્યાં વિપાક નહીં, માત્ર પ્રદેશ, ઘાતીની ઉદીરણા કરે. બાકી અઘાતીની ઉદીરણા કરાય છે. ચડતા ગુણઠાણાવાળા ઘાતીની ઉદીરણા કરે. એટલે ઘાતી અને અઘાતીની ઉદીરણામાં પણ ખ્યાલ રાખવાનો છે. ઘાતીની ઉદીરણા કરવામાં સામાન્ય આત્માને નુકસાન થાય છે. જ્ઞાનાવરણીય—દર્શનાવરણીય—મોહનીય અને અંતરાય એ ચારે ઘાતી કર્મ છે. તો વિચારો કે આ કર્મનો ઉદય વહેલો કે મોડો કયારેય પણ સારો નહિ. એટલે તેની ઉદીરણા પણ મુંઝવનારી બને. અહીં કોઈ પ્રશ્ન કરે કે ઘાતી કર્મની કદાચ ઉદીરણા ન કરે પરંતુ આત્મામાં સમાગત એટલે કે સિલકમાં ઘાતી કર્મ હોય, તેથી કાળ પાકે એટલે વિપાકોદય તો થતો જ રહેવાનો અને તે સમયે તે આત્મગુણોનો ઘાત કરનારાં થવાનાં છે તો તેવાં કર્મો વડે થતા આત્મગુણોના ઘાતથી બચવા શું પુરુષાર્થ કરવો જોઈએ?

ઘાતી કર્મ વડે આત્માના ગુણોના થતા ઘાતથી બચવા માટે એવું છે કે આત્મા પુરુષાર્થ ફોરવે તો તે કર્મોના ઉદય સમયે ઊલટો આત્મા કેટલાક ગુણો પ્રગટ કરે છે. પણ તેની આવડત હોવી જોઈએ; અને આત્મા કેળવાયેલ હોવો જોઈએ. કેળવાયેલ આત્મા તે કર્મોને ક્ષાયોપશમિક ભાવે વેદે. ક્ષયોપશમ એટલે સર્વથી ક્ષય નહિ, પરંતુ એવા પ્રકારનો ક્ષય કે જેમાં તે તે કર્મનાં દલિયાંને વિપાકોદયમાં ન આવવા દેતાં પ્રદેશોદયમાં વાળી દેવાનું બને છે. આથી તે કર્મ પોતાનો વિપાક એટલે કે પ્રભાવ બતાવી શકતું નથી. તેથી તે કર્મના પ્રભાવે આવરાઈ જતો આત્માનો ગુણ આવરાતો નથી, પણ પ્રગટ થાય છે. આત્મામાં ધર્મ બે પ્રકારના છે. (૧) ઔદયિક ધર્મ અને (૨) ક્ષાયોપશમિક ધર્મ. કર્મના ઉદયથી જે ગુણ, જે ધર્મ પ્રગટે તે ક્ષાયોપશમિક ધર્મ કે ક્ષાયોપશમિક ગુણ કહેવાય છે. ઔદયિક ધર્મથી આત્મામાં દુર્ગુણો તથા ગુણનો ઘાત કરનારા સંસ્કારો ઉત્પન્ન થાય છે. મિથ્યાત્વ, ગુસ્સો, અભિમાન, કપટ, કામ, હાસ્ય, શોક વગેરે દુર્ગુણો છે. તેમજ અજ્ઞાન, નિદ્રા, દુર્બલતા, અલાભ વગેરે ગુણોનો ઘાત કરનાર છે. આ બધાની ઉત્પત્તિ ઘાતી કર્મના ઉદયથી થાય છે. જ્યારે જ્ઞાન, દર્શન, સમ્યક્ત્વ, ક્ષમા, મૃદુતા વગેરે સદ્ગુણો છે. તે સદ્ગુણોની પ્રાપ્તિ તે જ ઘાતીકર્મના ક્ષયોપશમથી થાય છે. મિથ્યાદૃષ્ટિ આત્મામાં ઘાતીકર્મના ઉદયથી ઔદયિક ધર્મો પ્રાપ્ત થાય છે અને તે પરંપરાએ સંસારવૃદ્ધિનું કારણ બને છે. જ્યારે સમ્યગ્દૃષ્ટિ આત્મા ઘાતી કર્મને ક્ષયોપશમિક ભાવે વેદે છે, એટલે તેનામાં ક્ષાયોપશમિક ગુણો પ્રાપ્ત થાય છે. એટલે અબાધા-કાળ પૂર્ણ થયે કે અબાધાકાળ પૂર્ણ થયા પહેલાં ઉદયમાં આવેલ ઘાતીકર્મ ક્ષયોપશમ ભાવે વેદવાનો પુરુષાર્થ કરવો જોઈએ. અહીં પુરુષાર્થ ફોરવવા તરીકે પંચાચારનું પાલન, કષાયોની ભયાનકતા વિષેનું વાચન, શ્રવણ અને ચિંતવન, સદ્ભાવનાઓ, કષાયોના કટુ વિપાકોના દૃષ્ટાન્તોનો ખ્યાલ, ક્ષમા-મૃદુતા-સરલતા વગેરેની મળેલી તક, ઇત્યાદિ કરવાની જરૂર છે અને એ બધા ક્ષયોપશમના ઉપાયો છે. [ચાલુ]

• નમ્રતા

વાવ કે તળાવમાંથી પાણી ભરી લાવવું હોય તો ખાલી ગાગર ડુબાડવાથી કામ નહિ ચાલે. ગાગર કે લોટાને વાંકો-ત્રાંસો કરવો પડશે. ગુરુ જેવા જ્ઞાનના દરિયા પાસે શિષ્યે ભક્તિનમ્ર બનવું જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દક્ષિણમાં પણ
જૈનધર્મનાં ઊંડાં મૂળ

લેખક :–શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી

શોધખોળના ક્ષેત્રમાં જેમ જેમ પ્રગતિ થતી રહી છે, તેમ તેમ ભારતવર્ષના પ્રાચીન ધર્મો અને એ અંગેના રીતરિવાજો સંબંધી પાશ્ચાત્ય વિદ્વાનો દ્વારા સાચી સમજના અભાવે જે ભૂલભર્યાં મંતવ્યો, લખાણ યા પુસ્તકરૂપે પ્રસિદ્ધ થયેલ છે એના ઉપરથી અંધારપડલો વિખરાતાં જાય છે અને સાચા જ્ઞાનરૂપ દિવાકર પોતાની જ્યોતિ વધુ ને વધુ પ્રમાણમાં વિસ્તારતો જાય છે. એ દ્વારા અપૂરા ઇતિહાસના કેટલાય ખૂટતા અંકોડા ઉપલબ્ધ થયા છે.

આ માસિકના પાનામાં અગાઉ ઉત્તરભારત, મધ્યપ્રદેશ, રાજસ્થાન તેમજ બંગાળ અને ગૂજરાત આદિમાં **જૈનધર્મ**નું પ્રાધાન્ય કેવા પ્રકારનું હતું એ વાત દર્શાવતા કેટલાક ઉલ્લેખો પુરાતત્ત્વશોધક વિદ્વાનોના લખાણને આશ્રયીને કરવામાં આવેલ છે. આજે એ સંબંધી દક્ષિણ ભારતમાં કેવી સ્થિતિ પ્રવર્તતી હતી તેના વિચાર એક મરાઠી લેખક શ્રીયુત **બાબગૌંડા ભુજગૌંડા પાટીલ** B. A. LL. B. કૃત પુસ્તકના આધારે કરવાનો છે. એ ગ્રંથનું પૂરું નામ છે–' દક્ષિણ–ભારત, જૈન વ જૈનધર્મયાંચા સંક્ષિપ્ત ઇતિહાસ. ' એમાં કલમ ગતિમાન થાય તે પૂર્વે સ્પષ્ટતા કરવી જરૂરી છે કે જૈનધર્મના જે બે મુખ્ય ફાંટા છે. **શ્વેતાંબર** અને **દિગંબર**, એમાંનો દિગંબર સંપ્રદાય આ પ્રદેશમાં વધુ પ્રમાણમાં વિસ્તરેલો હતો. સંખ્યાબંધ પુરાવા આ મંતવ્યની પૂર્તિમાં ઉપલબ્ધ થાય છે. **જૈનધર્મ**નો તાત્ત્વિક દૃષ્ટિએ વિચાર કરવામાં આવે અને શ્રમણ સંસ્કૃતિનાં આત્મકલ્યાણકારી આચારો પ્રતિ ધ્યાન દેવામાં આવે તો ઉભય સંપ્રદાયના ધ્યેયમાં કંઈજ ફેર નથી અને એ માટેનાં વિધિ–વિધાનોમાંના કેટલાક મામૂલી મતફેરોને બાજુ ઉપર રાખીએ તો ત્યાં પણ વિસંવાદને સ્થાન નથી જ. આજે જ્યારે મુખ્ય પ્રશ્ન જૈનધર્મની પ્રભાવનાનો અને એક કાળે આ ધર્મ કેટલા મોટા પ્રદેશ ઉપર વિસ્તરેલો હતો, તેમજ એના શ્રમણોએ ઉપદેશ, પ્રવચન, અને સાહિત્યસર્જન દ્વારા કેવી સુંદર ને સચોટ છાપ પાડી હતી, તે બતાવવાનો હેતુ અગ્રસ્થાને છે ત્યારે એક જ પિતાના સંતાનો વચ્ચેના મામૂલી માન્યતાભેદોને ગૌણ સ્થાન જ સંભવે.

" ઉત્તર મથુરા વગેરે દેશાંતૂન વ પ્રાંતાંતૂન ભગવાન્ મહાવીરાંની આપલ્યા તત્ત્વજ્ઞાનાચા પ્રસાર કરણ્યાસાઠી વિહાર કરીત કરીત દક્ષિણ ભારતામધ્યે આલે. ત્યાવેલીં કાંચી પુરાવર રાજા વસુપાલ રાજ્ય કરીત હોતા, વ તો મહાવીરાંચા ભક્ત હોતા (આરાધના–કથા–કોશ. ભા. ૩) હેમાંગ દેશાંત (મૈસૂર) ભગવાન્ મહાવીરાંચે જેવ્હાં આગમન ઝાલેં તેવ્હાં રાજા સત્યંધરાચા પુત્ર જીવંધર હા તેથેં રાજ્યાધિકારી હોતા..."

લેખક પાના પાંચ તથા છમાં ઉપરના ઉલ્લેખે પછી સાહિત્યમાં આવતા વર્ણન ઉપરથી પુરવાર કરે છે કે જેને આજે મૈસૂર કહેવામાં આવે છે તે એકકાળે હેમાંગ દેશ કહેવાતો હતો. જીવંધરે પોતાના પુત્રને રાજગાદી સોંપી દીક્ષા લીધી હતી. ઈ. સ. પૂર્વ ચોથી શતાબ્દીમાં લંકામાં પણ જૈનધર્મ પ્રસરેલો હતો. એ ઉપરથી પુરવાર થાય છે કે, શ્રી ભદ્રબાહુસ્વામીના આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રદેશમાં આગમન પહેલાં પણ જૈનધર્મ પ્રચલિત હતો. સમ્રાટ ખારવેલના શિલાલેખ ઉપરથી પણ ઈ. સ. પૂર્વના કેટલાક સૈકાઓ આગળથી જૈનધર્મનો ફેલાવો દક્ષિણ હિંદુસ્તાનમાં થયો હતો.

ઉપરના લખાણમાંથી એટલું તો વિના સંકોચે તારવી શકાય તેમ છે કે ચાહે તો ભગવંત શ્રી પાર્શ્વનાથના સંતાનીય શ્રમણો કિંવા ખુદ ભગવાન મહાવીરસ્વામી અગર તો તેમના શિષ્યો આ પ્રદેશમાં વિચર્યા હતા. એ કાળે ઉપદેશ શ્રવણદ્વારા જ જ્ઞાનપ્રાપ્તિ થઈ શકતી. વળી જૈનધર્મના આચાર ગ્રંથોમાં શ્રમણો માટેના જે નિયમો દર્શાવવામાં આવ્યા છે એ જોતાં સંખ્યાબંધ સાધુઓ એક જ સ્થાનમાં ન જ રહી શકે તેમ લાંબો સમય પણ એક જ ક્ષેત્રમાં ચોમાસા સિવાય ન જ વ્યતીત કરી શકે. જ્યાં આ પ્રકારનું બંધારણ હોય અને કેવળ આત્મકલ્યાણ અર્થે જ ભાગવતી દીક્ષાનો સ્વીકાર હોય, ત્યાં ગમે તેવા ઉપસર્ગો સહન કરીને પણ વિહારક્ષેત્રનો પ્રદેશ અતિવિસ્તૃત હોય એમાં કંઈ જ આશ્ચર્ય નથી.

લેખક દિગંબર આમ્નાય પ્રમાણે ભ. મહાવીરદેવની શિષ્યપરંપરા નીચે મુજબ દર્શાવે છેઃ—

ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીર પ્રભુ. એ પછી કેવલજ્ઞાનીમાં તેમના બે શિષ્યો શ્રી. ગૌતમસ્વામી તેમજ શ્રી સુધર્માસ્વામી અને અંતિમ કેવલ શ્રી. જંબૂસ્વામી. અહીં સુધી તો કશો જ ફેર આવતો નથી. એ પછી જેમનો ઉલ્લેખ શ્રુતકેવલી તરીકે કરાયેલ છે. એ નામો આ પ્રમાણે છે—(૧) વિષ્ણુનંદી—મિત્ર, (૨) અપરાજિત, (૩) ગોવર્ધન, (૪) સ્થૂલભદ્ર, (૫) ભદ્રબાહુ આમ ગણનામાં પાંચ થાય છે છતાં ઉલ્લેખમાં ' છ શ્રુતકેવલી ' કહ્યા છે એટલે કાં તો વિષ્ણુનંદી અને વિષ્ણુમિત્ર એમ બે નામો હોય અગર તો એકાદ નામ સરતચૂકથી છાપવું રહી ગયેલ હોય. શ્વેતાંબર સંપ્રદાયમાં પણ શ્રુતકેવલીની સંખ્યા તો છની જ કહી છે અને તેનો ક્રમ આ પ્રમાણે છેઃ (૧) પ્રભવસ્વામી, (૨) શય્યંભવસૂરિ, (૩) યશોભદ્રસૂરિ, (૪) સંભૂતિવિજય, (૫) ભદ્રબાહુ અને (૬) સ્થૂલભદ્ર. આ ઉપરથી છેલ્લાં બે નામો તો ઉભયમાં સરખાં જ છે, ફક્ત ક્રમમાં ફેર છે. વળી દિગંબર સંપ્રદાયનો કોઈ ગ્રંથમાં શ્રુતકેવલીની યાદીમાં ખૂટતા નામ તરીકે આર્યલોહિતનું નામ વાંચવામાં આવેલ છે. મગધ અને એની આસપાસના પ્રદેશમાં ઉપરાછાપરી મહાભયંકર દુષ્કાળો પડ્યા હતા એટલે શ્રમણસમુદાયના બંધારણમાં એકવાક્યતા સચવાઈ શકી નથી. એમાં પણ જિનકલ્પ અને સ્થવિરકલ્પ જેવા સાધુઓના આચારમાં કેટલાક મક્કમ રહ્યા, કેટલાક દેશ—કાળને ધ્યાનમાં જરૂરી છૂટ લેવા લાગ્યા. અર્થાત્ ભગવંત ભાષિત જિનકલ્પનો વિચ્છેદ થયો. એ માન્યતા શ્વેતાંબર સંપ્રદાયની છે પણ દિગંબર સંપ્રદાય જિનકલ્પને વળગી રહ્યો છે ખરો પણ એવી સંખ્યાનું પ્રમાણ ઘણું અલ્પ છે. ટેકરીઓ અને ગુફા આદિથી ભરપુર એવા દક્ષિણ દેશમાં એ સંપ્રદાયના સાધુઓ સવિશેષપણે વિચર્યા. સ્થવિરકલ્પી સાધુઓ મગધમાંથી ઉજ્જૈન તરફ અને એ પંથી મારવાડ ને ગુજરાત—સૌરાષ્ટ્ર તરફ આવ્યા. શ્વેતાંબર માન્યતા મુજબ ચૌદપૂર્વી શ્રી ભદ્રબાહુસ્વામીનું નિર્વાણ દક્ષિણમાં થયું અને એ સ્થાન તે પૈઠણ કહેવાય છે. દિગંબર માન્યતા મુજબ નિર્વાણ સ્થળ દક્ષિણ દેશમાં આવેલ શ્રમણબેલ્ગોલમાં થયાનું દર્શાવાય છે. એ સાથે સમ્રાટ ચંદ્રગુપ્તવાળો પ્રસંગ જોડેલ છે. આમ ઉભય સંપ્રદાયનાં મંતવ્યોમાં કેટલોક તફાવત છે છતાં એ ઉપરથી વિદ્વાનોએ તો એવો નિર્ણય તારવ્યો છે કે—જિનકલ્પ અને સ્થવિરકલ્પના આચરણમાં જે સંખ્યા અલગ પડતી ગઈ એ પાછળથી દિગંબર અને શ્વેતાંબર તરીકે મશહૂર બની.

[જુઓ અનુસંધાન ટાયટલ પૃષ્ઠ ત્રીજું]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मड्डाहड़गच्छकी परंपरा

लेखक : श्रीयुत अगरचन्दजी, भंवरलालजी नाहटा

श्वेताम्बर जैन संप्रदायके अनेक गच्छ राजस्थानसे भी सम्बन्धित है। इससे मध्यकालमें राजस्थानमें जैनधर्मका कितना व्यापक प्रचार रहा, अनुमान लगाया जा सकता है। ८४ गच्छोंमेंसे आधेसे अधिक गच्छ और उनकी अनेक शाखाएँ राजस्थानके भिन्न २ स्थानोंके नामसे प्रसिद्ध हुई। उदाहरणार्थ उपकेशगच्छ, कासहृद, कूर्चपुर, कोरण्टक, खण्डेलवाल, नाणावाल, भीमपल्ली, संडेरक, काछोलीवाल, ब्रह्माण, पल्लिवाल, गूंदाऊच, आदि अनेक गच्छ और बड़गच्छकी कई शाखाऐं जैसे साचोरा, भीनमाला, जालौरा, रामसेनीया, चित्तौड़ा, मड्डाहड़ा आदि भी राजस्थानके स्थानोंके नामसे ही प्रसिद्ध है। यहाँ उनमेंसे मड्डाहड़ा गच्छ, जो कि बृहदगच्छकी पट्टावलीके अनुसार बड़गच्छकी ही एक शाखा है—की परंपराके सम्बन्धमें प्रकाश डाला जा रहा है।

श्वेतांबर जैन संप्रदायके जो शताधिक गच्छ थे, उनमेंसे अधिकांश अब नामशेष हो चुके है। पर कई गच्छ ऐसे भी है जिनके साधु तो अब नहीं है, पर उस गच्छके महात्मा—गृहस्थ कुलगुरु आज भी विद्यमान हैं, ये जैन जातियोंके कई गोत्रोंकी वंशावलियाँ लिखने आदिका काम करते हैं। उन महात्माओंका समाजमें और दृष्टिसे तो कोई अधिक आदर नहीं हैं, इसलिये हमने बहुत गच्छ, जिनकी परम्परामें वे महात्मा अब भी विद्यमान है, उन गच्छोंको लुप्त हुआ ही मान लिया है। उदाहरणार्थ धर्मघोषगच्छ, जो एक बड़ा प्रभावशाली गच्छ रहा है, उसके यति-साधु तो अब विद्यमान नहीं हैं, पर उस गच्छके गुरासा-(कुलगुरु) नागोरमें आज भी गोपजी गुरांसा विद्यमान है। इसी प्रकार मारवाड़के कई गाँवोंमें और उदयपुर आदिके गाँवोंमें वे महात्मा लोग विद्यमान है, जो उन पुराने गच्छोंकी स्मृति दिला रहे हैं। हमारा उनसे संपर्क न होनेके कारण जैन समाजके इतिहासका एक महत्त्वपूर्ण अध्याय हमसे अज्ञात रह जाता है। वे महात्मा चाहे आज धार्मिक दृष्टिसे किसी योग्य नहीं पर उनकी पूर्व परंपरामें बहुतसे समर्थ आचार्य एवं विद्वान हो गये है, जिन्होंने जैन समाज और साहित्यकी बहुत अच्छी सेवा की है। अतः उनके पास अपने गच्छकी और जैन समाजकी जो कुछ ऐतिहासिक सामग्री व साहित्य है उसकी जल्दीसे जल्दी खोज की जा कर प्राप्त जानकारी प्रकाशमें लानी चाहिए।

दो वर्ष पूर्व आबू समितिके प्रसंगसे राजस्थान सरकारकी ओरसे जब मुनि जिनविजयजीके नेतृत्वमें मेरा सिरोही जाना हुआ, तो वहाँके मंदिरोंसे संलग्न ही मड्डाहड़गच्छकी

१ ये बहुत सज्जन व्यक्ति है। धर्मघोषगच्छकी शाखाओंके आचार्योंकी नामावली आदि इनके पास हैं, उसकी नकल स्व. हरिसागरसूरि द्वारा हमने प्राप्त की थी।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

पोशाल–(पौषधशाला-उपासरा) देखनेमें आई। मैंने उसमें जा कर पूछताछ की तो पता मिला कि मड्डाहड़गच्छके महात्मा अभी भी इसमें रहते हैं और उनके पास ओसवाल, पोरवाल आदि-की बहुतसी वंशावलियें भी हैं। पहिली बार जब मैं गया तो वे गृहस्थ–कुलगुरु मुझे नहीं मिले पर दूसरी बार जाने पर वे मिल गये तो उनके पासकी वंशावलियां निकलवाके मैंने देखीं। सबसे प्राचीन वंशावली टिप्पण १७वीं शताब्दिके लिखित उनके पास मिले। उनमेंसे सं. ७११के लगभग उन वंशोंके प्रतिबोधकोंका उल्लेख था। उसके अनुसार सं. ७११के लगभग चक्रेश्वरसूरिने अढारह हजार श्रावकोंको प्रतिबोध दियाँ। मेरे पास अधिक समय नहीं था अतः उन वंशावलियोंके नोट्स तो न ले सका पर मैंने उनसे मड्डाहड़गच्छकी पट्टावलीकी पूछ-ताछ की। उनके पासकी हस्तलिखित प्रतियोंको भलीभांति देखने पर संभव है इस गच्छकी बडी पट्टावली मिल जाती; वह नही भी मिलती तो भी इस गच्छ सम्बन्धी बहुतसी नई जानकारी तो मिलती हो। पर उन्होंने मुझे केवल मड्डाहड़गच्छके परंपराकी नामावली ही दी जो यहाँ प्रकाशित की जा रही है।

१. चक्रेश्वरसूरि	११. दयानन्दसूरि	२१. वागसागरसूरि
२. जिनदत्तसूरि	१२. भावचंद्रसूरि	२२. केसरसागरसूरि
३. देवचंद्रसूरि	१३. कर्मसागरसूरि	२३. भट्टारक गोपालजी
४. गुणचंद्रसूरि	१४. ज्ञानसागरसूरि	२४. यशकरणजी
५. धर्मदेवसूरि	१५. सौभाग्यसागरसूरि	२५. लालजी
६. जयदेवसूरि	१६. उदयसागरसूरि	२६. हुकमचंद
७. पूर्णचंद्रसूरि	१७. देवसागरसूरि	२७. इन्द्रचंद
८. हरिभद्रसूरि	१८. लालसागरसूरि	२८. फूलचंद
९. कमलप्रभसूरि	१९. कमलसागरसूरि	२९. रतनचंद
१०. गुणकीर्तिसूरि	२०. हरिभद्रसूरि	३०. .....

उपर्युक्त नामावलिकी जांच करनेके पूरे साधन तो प्राप्त नहीं हैं पर प्रतिमा लेखों, प्रशस्तियां आदिसे जांच करने पर कुछ आचार्योंके नाम प्रतिमालेखोंमें मिले हैं, उनसे उनका समय निश्चित किया जा सकता है। जैसे "आबू लेख संदोह"के लेखांक ५५९ में धर्मदेवसूरिके पट्टधर देवसूरिके प्रतिष्ठित सं. १३८९ का लेख छपा है। ये नामावलिके नम्बर ५ वाले धर्मदेवसूरि ही हैं। नामावलिमें नम्बर ६ में जयदेवसूरि नाम है, उनका प्रतिमालेखमें देवसूरि नाम मिला है। लेखांक ५७५ में पूर्णचंद्रसूरिके प्रतिष्ठित सं. १४२० का लेख है ओर ५९९ में

१. यह संवत तो चक्रेश्वरसूरिका नहीं, संभव है, उन जातियों व गोत्रोंके स्थापनाका संवत् हो। चक्रेश्वरसूरि १३ वीं शतीके प्रतीत होते है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

पूर्णचंद्रसूरिके पट्टधर हरिभद्रसूरि (नामावलिके नम्बर आठवाले)का लेख सं. १४४१का है।

प्रतिमा लेखोंसे मड्डाहगडच्छकी अन्य परंपराके आचार्योंके नाम भी जाननेको मिलते हैं। तेरहवीं शताब्दिसे १८ वीं शताब्दि तकके लेख 'आबू लेख संदोह'में भी छपे है। समस्त प्रतिमा लेख संग्रह ग्रंथोंके आधारसे कुछ नई जानकारी प्रकाशमें लाई जा सकती है। अतः उसे आगे दी जा रही है।

मड्डाहगच्छकी अन्य कुछ शाखाओंका भी नाम मिलता है, जिनमें रत्नपुरीय, जाखडिया और जालौरा मुख्य है। जालौरा शाखामें १७ वीं शताब्दिमें सारंग नामकके एक अच्छे कवि हो गये है। जिनके रचित 'बिल्हण पंचाशिका चौपाई' (सं. १६३९ जालोर,) 'भोजप्रबन्ध चौपाई' (सं. १६५१ जालोर) और 'कृष्णरुक्मणी वेलि'की संस्कृत टीका (सं. १६७८ पालनपुरमें रचित) आदि ग्रंथ उपलब्ध है। इन्होंने ज्ञानसागरसूरिकी विद्यमानताका उल्लेख इस प्रकार किया है।

बड़गच्छ शाखा चंद्र विचार, **मड्डाहड़गछ** गछ सिणगार ।
सूरि पदई जयवन्ता जाण, **ज्ञानसागर** सूरीस बखाण ॥

ये सारंग कवि, वाचक पद्मसुन्दरके शिष्य थे, जिनके गुरुभाईका नाम गोविन्द था। सिरोही महाराजके प्राइवेट सेक्रेटरी श्री जयमलजी मोदीसे विदित हुआ कि मड्डाहड़गछच्की शाखाके अन्य महात्मा जालौर और जोधपुरमें अब भी विद्यमान है। उनकेपाससे संभव है कुछ नई सामग्री प्राप्त हो।

मुनिवर जयन्तविजयजीके उल्लेखानुसार मड्डाहड़गछका नामकरण जिस मड्डाहड स्थानके नामसे हुआ है व वर्तमान मडार (मढार) है, जो कि सिरोहीसे नैऋत्यकोणमें ४० माईल और डीसासे ईसानकोणमें २४ माईल है। भटाणासे वायव्यकोणमें ७ माईल और खराड़ीसे २६ माईल पश्चिममें है। सिरोही राजके तहसीलका यह गाँव है।

मड्डाहड स्थान प्राचीन है। सुप्रसिद्ध वादिदेवसूरि वहींके पोरवाड वीरनागके पुत्र थे। मुनि कल्याणविजयजीके मतानुसार मड्डाहड वर्तमान मदुआ स्थान है।

मडारमें अभी धर्मनाथ और महावीरस्वामीके दो मंदिर है। यहाँ पर मेघजी भट्टारकका उपासरा भी है, जो कि इसी गच्छके थे। मणिभद्र यक्षका मंदिर, जो मडारदेवीका मंदिर भी कहलाता है, उसमें चक्रेश्वरसूरिके पादुकास्थापनका लेख भी है। सं. १७७१ आदिकी पादुका इस गच्छके कुल गुरुओंकी भी वहाँ है। 'अर्बुदाचल प्रदक्षिणा' ग्रंथके पृष्ठ ६७ से ७२ में मुनि जयन्तविजयजीने उपर्युक्त जानकारी दी है। वे लेख 'अर्बुदाचल प्रदक्षिणा जैन लेख संदोह' में छपे हैं।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

यहाँ एक महत्त्वपूर्ण बातका निर्देश कर लेना आवश्यक है कि हमारे प्रतिमा लेख संग्रहोमें कईवार संवत व नाम स्पष्ट नहीं खुदनेके कारण स्पष्ट न होकर अशुद्ध छप जाते हैं अतः उन लेखों व पूर्वापर संबंधका विचार करके उनका संशोधन कर देना आवश्यक हो जाता है। प्रतिमा लेख संग्रहोंमें मड्डाहडगच्छके जो लेख छपे हैं उनकी सूची नीचे दी जा रही है—

१. नाहर, जैन लेख संग्रह भाग १

सं.	आचार्यनाम	लेखांक
१५०७	नयकीर्तिसूरि	९२२
१५५९	मतिसुंदरसूरि	४९६

ना. ले. भाग २

सं.	आचार्यनाम	लेखांक
१३५१	सोमतिलकसूरि	१०४६
	(रत्नाकरसूरि पदे)	
१४८०	धर्मचन्द्रसूरि	१०६८
	(रत्नपूरीय धर्मचंद्रसूरि पट्टे)	
१४८१	उदयप्रभसूरि	१०६९,२०४९
१५२७	नयचंद्रसूरि	१२७६
१५४१	कमलचंद्रसूरि	१३९०
	(रत्नपुरीय धर्मचंद्रसूरि पट्टे)	
१५४५	,,	१३६२
१५५७	गुणचंद्रसूरि	११३०
	(आणंदनंदसूरि)	

ना. ले. भाग ३

सं.	आचार्यनाम	लेखांक
१३५८	आनंदप्रभसूरि	२२४२
१४६३	धनचंद्रसूरि	२१७८
	(सोमदेवसूरि पट्टे)	
१५४२	नयचंद्रसूरि	२४५६

२. जिनविजय, प्राचीन जैन लेख संग्रह

सं.	आचार्यनाम	लेखांक
१३३५	वर्द्धमानसूरि	५५०
	(चक्रेश्वरसूरि संताने सोमप्रभसूरि शिष्य)	
१३८७	शान्तिसूरि	५०८
	(पद्मचंद्रसूरि पदेज यदेवसूरि शिष्य यशोदेवसूरि मूर्ति)	

३. बुद्धिसागर, धातुप्रतिमालेख भा. १

सं.	आचार्यनाम	लेखांक
१३७०	शांतिसूरि	
१४५३	धनचंद्रसूरि	
१४६६	पासचंद्रसूरि	
१४९३	ज्ञानचंद्रसूरि (सोमचंद्रसूरि पट्टे)	
१५१६	श्रीसूरि (सोमप्रभसूरि पट्टे)	

वही भा. २

सं.	आचार्यनाम	लेखांक
१३९१	सोमतिलकसूरि	७६८
१४११	माणदेवसूरि	४६०
१४३५	उदयप्रभसूरि	४६२

४. विजयधर्मसूरि, प्रा. लेख संग्रह

सं.	आचार्यनाम	लेखांक
१३५०	सोमदेवसूरि	४९
	(रत्नपुरीय धर्मघोष पट्टे)	
१४८०	धर्मचंद्रसूरि	१२४
	(रत्नपुरीय धर्मचंद्रसूरि पट्टे)	
१४८१	उदयप्रभसूरि	१२६

५. यतीन्द्रसूरि, जैन प्रतिमा लेख संग्रह

सं.	आचार्यनाम	लेखांक
१३६७	रविकरसूरि	३३४
	(चंद्रसिंहसूरि शिष्य)	

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

१४६२ हरिभद्रसूरि १०३

६. विनयसागर, प्रतिष्ठा लेख संग्रह

सं.	आचार्यनाम	लेखांक
१४७३	मुनिप्रभसूरि	२१०
१५२०	नयचंद्रसूरि	६०३
१५२५	विजयचंद्रसूरि	६७२
१५३५	नयचंद्रसूरि	७८८
	(वीरप्रभसूरि पट्टे)	
१५३५	(र)विचंद्रसूरि	७८९
१५४२	नयचंद्रसूरि	८३१
१५८३	मनकसूरि (गुणकीर्तिसूरि, दयासूरि, भावचंद्रसूरि शिष्य)	९७२
१४८५	रत्नपुरीय धर्मचंद्रसूरि	२५३
१५०१	धर्मचंद्रसूरि	४३९
१५५७	पूर्णचंद्रसूरि	८९१
	(उ. आणंदमेरु, जाखड़िया)	

७. जयंतविजय, आबू लेख संदोह

सं.	आचार्यनाम	लेखांक
१६२०	माणिक्यरत्ति	६४
१७२८	पं. चतुरा	२९४
१२०३(?)	शान्तिसूरि(यशोदेवसूरिपट्टे)	५१५
१३६?	पासदेवसूरि	५३९
१३७१	शान्तिसूरि	५४३
	(यशोदेवसूरि पट्टे)	
१३८१	हेमसूरि	५५१
१३८१	रत्नसागरसूरि	५५८
१३८९	श्रीदेवसूरि	५५९
	(धर्मदेवसूरि पट्टे)	
१४२०	पूर्णचंद्रसूरि	५७५
१४४०	सोमचंद्रसूरि	५९६
१४४१	हरिभद्रसूरि	५९९
	(पूर्णचंद्रसूरि पट्टे)	
१४४६	मुनिभद्रसूरि	६०२
१५३५	कमलचंदसूरि (जाखड़िया)	६५५

८.ज.,अर्बुदाचल प्रदिक्षणा जैन लेखसंग्रह

सं.	आचार्यनाम	लेखांक
१२८७		६६
१३७३	शान्तिसूरि	७१
१६७४	...चंदजी (चंद्रसूरि पादुका)	९४
१७७१	पीथाजी(सूरजी पादुका)	१०२
१७८७	वीथा, बाघा, दीवा, पदमा	१०३
१७८७	भ.देवचंद्र, आ. लीलाजी (माणभद्र, चक्रेश्वरसूरि पगलां)	१०४
१८७६	म. जोईताजी, म. रामाजी, भ. खसालचंदजी, म. रतनचंद-जी, म.अदैचंदजी,म. अमीचंदजी	१०६
१९५७	म. अमीचंद चेला वजेचंद-भाई मेघजी हीराचंद	१०६

खोज करने पर भी इस गच्छकी कोई प्रशस्ति व पुस्तिकालेख प्रकाशित हुआ देखनेमें नहीं आया। इस गच्छका साहित्य उनके उपाश्रयोंमें ही मिलना संभव है। सारंग कविके सिवाय किसी साहित्यकारका भी उल्लेख नहीं मिला। पर जो गच्छ करीब ८०० वर्षोंसे चालू है, उसमें अवश्य ही और भी साहित्यकार अवश्य हुये होंगे। जिन्हें इस सम्बन्धमें विशेष जानकारी हो, प्रकाशमें लावें।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અહિંસા

હિમાલય જેટલો ઉત્તુંગ અને ભવ્ય છે તેટલી જ ભારતવર્ષની અહિંસા–સંસ્કૃતિ ઉન્નત અને કલ્યાણમય છે. અહિંસા એટલે જ સામર્થ્ય, ક્ષમા અને પ્રેમ. જ્યાં અહિંસા છે ત્યાં જ નિર્ભયતા છે.

સિંહ વનનો રાજા છે. પણ ચાલતાં ચાલતાં વારે વારે પાછું વાળીને જોતો જાય છે. કારણ, પોતે બીજાનો શિકાર કરે છે, બીજાનાં લોહી પીએ છે, તેથી અંતરમાં તે નિર્ભય રહી શકતો નથી. હિંસા પોતે જ બીકણ છે.

જગતમાં જ્યાં સુધી હિંસાની પ્રતિષ્ઠા છે — સ્વાર્થની બોલબાલા છે ત્યાં સુધી સ્વતંત્ર અને સાધનસંપન્ન ગણાતા દેશોની પણ આવી જ ભયભીત દશા રહેવાની. હિંસકને–શોષકને હમેશાં બીજાની બીક રહેવાની. મૈત્રી જેવી નિર્ભયતા બીજી એકે નથી.

(સંકલિત)

માનવતા

ફૂલમાં કુદરતે સુવાસ મૂકી, કોકિલના ગળામાં મીઠાશ મૂકી, કોઈમાં રંગ તો કોઈમાં રૂપના અંબાર મૂક્યા. — માત્ર માનવીના વિષયમાં જ આવી કંજુસાઈ કાં દાખવી ? માનવીને માત્ર દુઃખની જ ભેટ કાં આપી ?

કારણ કે, દુઃખને પલટાવવાની શક્તિ — દુઃખમાંથી સુખ, અંધકારમાંથી પ્રકાશ, અને ગંદકીમાંથી સુવાસ ને સુફળ ઉપજાવવાની શક્તિ માનવીને એકલાને જ આપી. મૃત્યુને વરેલો માનવી, ગર્વપૂર્વક એમ કહી શકે છે કે અમરત્વ મેળવવાનો મારો અધિકાર છે, જગતનું બીજું કોઈ પ્રાણી એમ કહી શકશે ?

(સંકલિત)

[અનુસંધાન પૃષ્ઠ ૯૩ ચાલુ]

આટલું અવલોકન એટલા સારુ કરવામાં આવ્યું છે કે હવે પછી લેખક જે કંઈ દર્શાવે છે તે ખાસ કરી દિગંબર સંપ્રદાયની દૃષ્ટિથી જ છે એ વાત યાદ રહે. વળી એ સાથે અગાઉ જે મુખ્ય આશય બતાવાયો છે એ મુદ્દાને નજર સામે રાખવામાં આવે તો સહજ જણાશે કે જે કાળમાં-દેશમાં એક ધારી શાંતિ નહોતી, વિહારના માર્ગો કપરા હતા, દુષ્કાળો વારંવાર ડોકિયાં કરતા અને આજનાં જેવાં સાધનો પણ નહોતાં, એ કાળમાં જે કોઈ પરંપરા અંગે નોંધ ઉપલબ્ધ થાય છે એ મોટા ભાગે સ્મૃતિ ઉપરથી જ સંધરાયેલી છે, એ માટે વાદવિવાદમાં ઊતરવાની જરૂર પણ આજના યુગમાં મહત્તા નથી ભોગવતી.

જોવાનું તો એ જ છે કે શ્રમણ સંસ્થાએ જૈનધર્મની પ્રભાવના અંગે પોતાનામાં રહેલ શક્તિનો ઉપયોગ કેવા પ્રમાણમાં સતત ઉદ્યમશીલ રહીને કર્યો છે ! જૈનધર્મનો વિસ્તાર એ કાળે કેટલો વિસ્તૃત હતો, એ જાણ્યા પછી કયાં કારણોએ એમાં ઓટ આવી અને આજે વર્તતી દશાના મૂળમાં કયાં કયાં ક્ષતિઓ થઈ છે ?

એ જાણીએ તો જ ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણવાનું સુલભ પડે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shri Jaina Satya Prakasha. Regd. No. B. 3801 **શ્રી જૈન સત્ય પ્રકાશ**

શ્રી જૈન સત્ય પ્રકાશ

અંગે સૂચના

યોજના

૧. શ્રી. જૈન ધર્મ સત્ય પ્રકાશક સમિતિ દ્વારા 'શ્રી. જૈન સત્ય પ્રકાશ' માસિક ૧૯ વર્ષ થયાં પ્રગટ કરવામાં આવે છે.

૨. એ સમિતિના આજીવન સંરક્ષક તરીકે રૂા. ૫૦૦) આ૦ દાતા તરીકે રૂા. ૨૦૦) આ૦ સદસ્ય તરીકે રૂા. ૧૦૬) રાખવામાં આવેલા છે. આ રીતે મદદ આપનારને કાયમને માટે માસિક મોકલવામાં આવે છે.

વિનંતિ

૧. પૂજ્ય આચાર્યાદિ મુનિવરો ચતુર્માસનું સ્થળ નક્કી થતાં અને શેષ કાળમાં જ્યાં વિહરતા હોય એ સ્થળનું સરનામું માસિક પ્રગટ થાય એના ૧૫ દિવસ અગાઉ મોકલતા રહે અને તે તે સ્થળે આ માસિકના પ્રચાર માટે ગ્રાહકો બનાવવાનો ઉપદેશ આપતા રહે એવી વિનંતિ છે.

૨. તે તે સ્થળોમાંથી મળી આવતાં પ્રાચીન અવશેષો કે ઐતિહાસિક માહિતીની સૂચના આપવા વિનંતિ છે.

૩. જૈનધર્મ ઉપર આક્ષેપાત્મક લેખો આદિની સામગ્રી અને માહિતી આપતા રહે એવી વિનંતિ છે.

ગ્રાહકોને સૂચના

૧. "શ્રી જૈન સત્ય પ્રકાશ" માસિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે.

૨. આ માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૩) ત્રણ રૂપિયા રાખવામાં આવ્યું છે.

૩. માસિક વી. પી. થી ન મંગાવતાં લવાજમના રૂા. ૩) મનીઑર્ડરદ્વારા મોકલી આપવાથી અનુકૂળતા રહેશે.

૪. આ માસિકનું નવું વર્ષ દિવાળીથી શરૂ થાય છે. પરંતુ ગ્રાહક ગમે તે અંકથી બની શકાય.

૫. ગ્રાહકોને અંક મોકલવાની પૂરી સાવચેતી રાખવા છતાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં તપાસ કર્યા પછી અમને સૂચના આપવી.

૬. સરનામું બદલાવવાની સૂચના ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ આપવી જરૂરી છે.

લેખકોને સૂચના

૧. લેખો કાગળની એક તરફ વાંચી શકાય તેવી રીતે શાહીથી લખી મોકલવા.

૨. લેખો ટૂંકા, મુદ્દાસર અને વ્યક્તિગત ટીકાત્મક ન હોવા જોઈએ.

૩. લેખો પ્રગટ કરવા ન કરવા અને તેમાં પત્રની નીતિને અનુસરીને સુધારોવધારો કરવાનો હક તંત્રી આધીન છે.

મુદ્રક : ગોવિંદલાલ જગશીભાઈ શાહ, શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ.
પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ.
શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–**અમદાવાદ.**

For Private And Personal Use Only